જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના મતે

પ્રસ્થાન ચતુષ્ટય

वेदाः श्रीकृष्णवाक्यानि
व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य
प्रमाणं तच्चतुष्टयम् ।।

–: લેખક :–
પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ–
વડોદરા.

શ્રીહરિઃ

આમુખ અર્ઘ્ય

(પ્રથમ સંસ્કરણ ઈ.સ.૧૯૮૫ માંથી ઉદ્ધૃત)

પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી વિરચિત પ્રસ્થાન ચતુષ્ટય વિમર્શની ફાઈલ એક જ બેઠકે સંપૂર્ણ વાંચી જતાં અનુભવ્યું કે આ સાહિત્ય વિદ્વાનોને રસપુષ્ટિ અને જિજ્ઞાસુજનોને ભાવવૃદ્ધિ સિદ્ધ કરશે. મને આવેલા વિચાર પ્રસ્તુત થઈ જાય છે.

સંપ્રદાય પ્રવર્તક આચાર્યોની વાણી પ્રમાણ વચન સાથેની જ હોય છે. પ્રમાણ વિનાના વચનો વિદ્વાનોને માન્ય હોતા નથી. તેથી પોતાની વચનોની પુષ્ટિ માટે વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર વગેરેના શાસ્ત્રોના અવતરણ મૂકવામાં આવે છે તે પ્રમાણ વચનો છે. તે ગ્રન્થોને પ્રમાણ ગ્રન્થો રૂપે સ્વીકારેલા હોય છે.

શ્રીવલ્લભાચાર્ય સિવાયના આચાર્યોમાં કેટલાક વેદ-ગીતા અને બ્રહ્મસૂત્ર આમ ત્રણ પ્રમાણ સ્વીકારે છે. એની પ્રમાણત્રયી કે પ્રસ્થાનત્રયીના નામથી પ્રસિદ્ધ છે.

શ્રીવલ્લભાચાર્ય વેદ-ગીતા-બ્રહ્મસૂત્રની સાથે શ્રીમદ્ ભાગવતને પણ સર્વોપરિ પ્રમાણ ગ્રન્થરૂપે સ્વીકારે છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥

પ્રમાણ અને પ્રસ્થાનના નામથી પણ ઓળખવામાં આવે છે. **‘प्रस्थीयते अनेन इति प्रस्थानम्’** પ્રસ્થાન શબ્દની આ વ્યાખ્યા છે. તેનો અર્થ ‘જેના બતાવેલા માર્ગે ઈશ્વર પ્રત્યે, મુક્તિ પ્રત્યે, કે જ્ઞાન પ્રત્યે જઈ શકાય એનું નામ પ્રસ્થાન.

(૧) वेदाः – વેદ એ પ્રથમ પ્રસ્થાન છે. વેદ ચાર છે ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ અને અથર્વવેદ. આ ચાર વેદોની અગિયારસોને એકવીસ શાખાઓ હતી. તેમાંથી શ્રીવલ્લભાચાર્યજીના સમયમાં પ્રચલિત અગિયાર શાખાઓનો ઉલ્લેખ મળે છે. બાકીની વેદની શાખાઓ અત્યારે ઉપલબ્ધ થતી નથી.

ચાર વેદ દ્વારા યજ્ઞકાર્ય સિદ્ધ થાય છે. યજ્ઞમાં હોતા ઋગ્વેદી, યજ્ઞમાં અધ્વર્યુ યજુર્વેદી, યજ્ઞમાં ઉદ્ગાતા સામવેદી, યજ્ઞમાં બ્રહ્મા અથર્વવેદી હોય છે. આવું સુન્દર વૈજ્ઞાનિક પદ્ધતિનું યજ્ઞાત્મક બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન વેદમાં થયેલું છે.

શ્રીવલ્લભાચાર્ય કહે છે :

‘यज्ञरूपो हरिः पूर्वकाण्डे ब्रह्मतनुः परेः’

વેદ એ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે તેથી વેદને પણ બ્રહ્મ શબ્દથી ઓળખવામાં આવે છે. **‘पुराणं ब्रह्मसम्मितम्’** (ભાગવત ૧.૩.૪૦) અહીં બ્રહ્મસંમિતનો અર્થ વેદતુલ્ય છે. આ પુરાણ વેદતુલ્ય છે.

(૨) श्रीकृष्णवाक्यानि (ભગવદ્ગીતા)

ગીતા શ્રીકૃષ્ણના વાક્યોના રૂપે પ્રમાણ છે. શ્રીકૃષ્ણવાક્ય એટલે ભગવદ્ગીતા. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણના જે વચનો છે તે પ્રમાણશાસ્ત્રસ્વરૂપે સ્વીકાર્ય છે.

‘एकं शास्त्रं देवकीपुत्रगीतम्’ નિબન્ધ શા.પ્ર.૪

ભગવદ્ગીતા ઉપર શ્રીવલ્લભાચાર્યે વ્યાખ્યા આપી નથી. શ્રીવલ્લભાચાર્યજી શ્રીમદ્ ભાગવતને ગીતાના ભાષ્યરૂપે સ્વીકારે છે. ભગવદ્ ગીતાના અધ્યાયોનું નિરૂપણ ગીતાધ્યાયાર્થમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તાનુસાર એક

સુન્દર દૃષ્ટિ આપે છે.

ગીતાનો પ્રથમ અધ્યાય અધિકારનિરૂપક છે. ગીતાના બીજા અધ્યાયથી છઠ્ઠા અધ્યાય સુધીના પાંચ અધ્યાય અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ આ પાંચ વૈદિક કર્મનું પ્રતિપાદન કરનાર છે. આ વૈદિક કર્મ, સહજજન્ય, દેશકાલજન્ય, લોકવેદજન્ય, સંયોગજન્ય અને સ્પર્શજન્ય - આ પાંચ પ્રકારના દોષને દૂર કરનાર છે. આમ આ પાંચ અધ્યાયના કર્મયોગમાં જ્ઞાન, ભક્તિ ગૌણ અને કર્મનું મુખ્ય પ્રતિપાદન છે.

ગીતાના સાતમા અધ્યાયથી નવમા અધ્યાય સુધીના ત્રણ અધ્યાયમાં આત્મા, અક્ષરબ્રહ્મ અને પરમાત્માના સ્વરૂપના ત્રિવિધ જ્ઞાનનું નિરૂપણ થતું હોવાથી આ જ્ઞાનયોગ પ્રકરણ છે. આમાં કર્મ-ભક્તિ ગૌણ અને જ્ઞાન મુખ્ય છે.

ગીતાના દશથી અઢારમા અધ્યાય સુધીના નવ અધ્યાયમાં અક્ષર બ્રહ્મથી પર પુરુષોત્તમની શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન આમ નવ પ્રકારની ભક્તિનું પ્રતિપાદન છે. આમ ભક્તિયોગ પ્રતિપાદક આ નવ અધ્યાયમાં કર્મ-જ્ઞાન ગૌણ અને ભક્તિ મુખ્ય છે.

ભગવદ્ગીતા ઉપર દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજની અમૃતતરંગિણી ટીકા ખૂબ જ આદરણીય છે. શ્રીમદ્ભગવદ્ગીતાનું તાત્પર્ય નિરૂપણ નિબન્ધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રીવલ્લભાચાર્યે કર્યું છે.

(३) व्याससूत्राणि

બ્રહ્મસૂત્રોનો નિર્દેશ વ્યાસસૂત્ર કે તત્ત્વસૂત્રના નામથી પણ કરવામાં આવે છે. બ્રહ્મ અને બ્રહ્મજન્ય જીવ-જગત વગેરેના વિમર્શમાં બ્રહ્મસૂત્રનું પ્રદાન ચિન્તનીય છે. સમન્વયાધ્યાય, અવિરોધાધ્યાય, સાધનાધ્યાય, ફલાધ્યાય-આમ ચાર અધ્યાયો, અને સોળ પાદ, એકસો સત્તાવન અધિકરણ અને પાંચસોચોપન સૂત્રોમાં વેદવચનો દ્વારા ઈશ્વર, ઈશ્વરના લક્ષણ, વેદનું પ્રામાણ્ય, ક્ષર-અક્ષર-જડ-જગત વગેરે અનેક વિષયોનું સમન્વયપૂર્વક નિરૂપણ કરેલું છે. આચાર્યોએ ભાષ્યો રચ્યાં છે જેમાં શ્રીવલ્લભાચાર્યનું અણુભાષ્ય પ્રસિદ્ધ છે. અઢી અધ્યાય શ્રીવલ્લભાચાર્ય પ્રણીત છે અને પાછળનો દોઢ અધ્યાય શ્રીવલ્લભાચાર્યના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ પૂર્ણ કર્યો છે. અણુભાષ્યની જેમ બૃહદ્ભાષ્ય પણ વ્યાસસૂત્રો ઉપર શ્રીવલ્લભાચાર્યજીએ રચેલું એવી એક ચર્ચા વિદ્વાનોમાં છે.

(४) समाधिभाषा (શ્રીમદ્ ભાગવત)

ચતુર્થ પ્રસ્થાનરૂપે શ્રીમદ્ ભાગવતને શ્રીવલ્લભાચાર્યજી સ્વીકારે છે એટલું જ નહિ પણ સર્વોપરિ પ્રમાણરૂપે માન્ય કરે છે ને કહે છે **‘उत्तरं पूर्वसन्देहवारकम्’** (નિબન્ધ શા. ૮)

વેદમાં શંકા રહે તો ભગવદ્ગીતામાં સમાધાન પ્રાપ્ત કરો. ભગવદ્ગીતામાં શંકા રહે તો બ્રહ્મસૂત્રો દ્વારા સમાધાન પ્રાપ્ત કરો. તેમાં પણ શંકા રહે તો શ્રીમદ્ ભાગવતમાંથી સમાધાન પ્રાપ્ત કરો. આમ સર્વોપરિ પ્રામાણ્ય ભાગવતનું શ્રીવલ્લભાચાર્ય સ્વીકારે છે. શ્રીમદ્ ભાગવતના બાર સ્કન્ધ અને ત્રણસો બત્રીસ કે કેટલાકના મતે ત્રણસો પાંત્રીસ અધ્યાય છે. શ્રીવલ્લભાચાર્ય શાસ્ત્રદૃષ્ટિએ વિચારે છે. શાસ્ત્ર-સ્કન્ધ પ્રકરણ, અધ્યાય અને વાક્ય-પદ-અક્ષરના અર્થનું પરસ્પર અવિરોધથી સમન્વયપૂર્વક સુબોધિની ટીકામાં નિરૂપણ કરેલ છે.

ભાગવત ભક્તિજનિકા સંહિતા છે. ભાગવત ભગવત્ સ્વરૂપ છે. ભાગવત વેદ-ઉપનિષદનો સાર છે. ભાગવત રસ છે.

વ્યાસ મહર્ષિને સમાધિમાં શ્રીમદ્ભાગવત પ્રાપ્ત થયું એટલે સમગ્ર શ્રીમદ્ ભાગવત સમાધિભાષા છે. એમ છતાં ત્રણ પ્રકારની ભાષાનું, સમાધિભાષા - પરમત ભાષા અને લૌકિકભાષાનું નિરૂપણ શ્રીવલ્લભાચાર્ય કરે છે. કેટલાક સ્થળે નિર્દેશ પણ કરેલો છે છતાંય સમગ્ર ભાગવતના પ્રસંગ શ્લોકોનું સંશોધન થાય તો એ એક અતિ મહત્વનું કાર્ય ગણાય અને વિચારક વિદ્વાનોની

જિજ્ઞાસા સંતોષાય.

પ્રસ્થાન ચતુષ્ટય વિમર્શના આ ગ્રન્થમાં પૂ. પા. ગો. શ્રીચન્દ્રગોપાલજીએ પોતાની પ્રતિભાથી શાસ્ત્રોના વચનોમાં અવગાહન કરી શાસ્ત્રીય વિષયોનો બોધ સર્વને સુલભ બને એવી રીતે સરળ ગુજરાતી ભાષાના માધ્યમથી સહજ રીતે જે નિરૂપણ કર્યો છે એ એમના પ્રતિદિનના સ્વાધ્યાય-સંશોધન અને શાસ્ત્રીય તત્ત્વોના ચિન્તન-મનનનું મધુર નવનીત છે. વાગીશ શ્રીવલ્લભાચાર્યના વંશજ તરીકેનું આ એક નામસેવાનું સુન્દર તત્ત્વદર્શન છે. અને તત્ત્વજિજ્ઞાસુ સાંપ્રદાયિક વૈષ્ણવજનો માટે સુમધુર માર્ગદર્શન છે.

પુષ્ટિ સિદ્ધાન્તના આવા અનેક વિષયોના ચિન્તનાત્મક સાહિત્ય સર્જનનો પ્રવાહ પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી દ્વારા સતત વહેતો રહે, જેના અવગાહને ભાવશુદ્ધિ અને સાહિત્ય સમૃદ્ધિ પ્રાપ્ત થાય એવી મારી, આપ સર્વની પણ મંગલ આશા પ્રભુના અનુગ્રહે પૂર્ણ થાય એ પ્રભુ ચરણે નિવેદન, અને પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રીને વિનંતિ અને

विद्वद्भिः सर्वथा श्राव्यं ते हि सन्मार्गरक्षकाः

આ એક આમુખ અર્ધ્ય શ્રીવલ્લભાચાર્યજીના શબ્દોથી સમર્પી વિરમું.

આષાઢ શુક્લ એકાદશી
પ્રદ્યુમ્ન બ.શાસ્ત્રી
સંવત ૨૦૪૧
વડોદરા.

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી લગભગ ૨૫ વર્ષ પછી ફરીથી **'પ્રસ્થાન ચતુષ્ટય'** પુસ્તિકાનું પુનઃ પ્રકાશન સંસ્કરણ-૨ ના રૂપમાં થવા જઈ રહ્યું છે તેથી હું ખૂબ જ પ્રસન્નતા અનુભવું છું.

ઈ.સ.૧૯૮૫માં 'શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ' ટ્રસ્ટની સ્થાપના થયા પછીથી ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકોમાં આ પુસ્તિકા બીજી પુસ્તિકા તરીકે પ્રકાશિત થઈ હતી. તે પછી તો અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ ની પાસે પ્રકાશનો થઈ ચુક્યા છે.

આ પુસ્તિકા વિ.સં.૨૦૪૧ અને ઈ.સ.૧૯૮૫ માં પ્રથમ સંસ્કરણ રૂપે પ્રકાશિત થઈ હતી. ત્યારબાદ ઘણાં સમયથી સ્ટોકમાં નહીં રહેવાથી અપ્રાપ્ત રહી. આ વખતે બાળકોની સંસ્કાર-પ્રશિક્ષણ શિબિરમાં બી-૨ ના શિબિરાર્થીઓના અધ્યયન અર્થે આ પુસ્તિકા રાખવાનું નક્કી કરવામાં આવ્યું. તે અનુસાર તે માટે આનું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું અને એ સંસ્કરણ-૨ ના રૂપમાં પ્રકાશન થઈ રહ્યું છે.

મને આશા છે આ પુસ્તિકા જિજ્ઞાસુજનોને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત જાણવામાં ઘણી ઉપયોગી નીવડશે.

ગુજરાતી વિ.સં.૨૦૬૬,
વૈશાખ સુદ -૩, રવિવાર
ગોસ્વામી ચન્દ્રગોપાલ
૧૬-૫-૨૦૧૦,વડોદરા
વડોદરા.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતે

પ્રસ્થાન ચતુષ્ટ્ય

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्ट्यम् ॥

(શ્રીવલ્લભાચાર્ય-ત.દી.નિ.સર્વનિર્ણય)

ભારતીય સનાતન પરમ્પરામાં અનેક મહાપુરુષો દ્વારા જીવ-જગત-બ્રહ્મ વિષયમાં ખૂબ જ વ્યાપક રીતે અને વિશિષ્ટ રીતે વિચારવામાં આવેલું છે. જો બુદ્ધિ માત્ર જગત સામે જોઈને ઈન્દ્રિયોને ભૌતિકતામાં જ પ્રેર્યા કરે તો તે વ્યક્તિનું અધઃપતન નિશ્ચિત બની જાય છે. તેથી માનવ માત્રના કલ્યાણ માટે, તેને અધઃપતનના માર્ગથી વાળી ઊર્ધ્વગતિના માર્ગે અને પરિણામતઃ મોક્ષની સિદ્ધિને પામવા ભારતીય મહાપુરુષોએ માનવબુદ્ધિને વિચારવાનો એક વિશિષ્ટ માર્ગ સૂચવ્યો કે પ્રથમ બ્રહ્મની સત્તામાં સમજપૂર્વક શ્રદ્ધા કરવી અને પોતાની બ્રહ્મ સાથેના સંબંધની બુદ્ધિમાં સમજ પેદા કરવી તેમજ પોતે જે જગતમાં છે, અને જે જગતમાં જકડાયેલો છે, તે જગત શું છે અને તે જગતનો પણ બ્રહ્મ સાથે શો સંબંધ છે, તેની પણ યોગ્ય સમજ બુદ્ધિમાં ઉત્પન્ન કરવી. બુદ્ધિ એ અહંકાર અને ઈન્દ્રિયોના મધ્યે હોવાથી બુદ્ધિમાં પ્રકટ થયેલો પ્રકાશ એ અન્તઃકરણ અને બહિષ્કરણોને એમ બન્નેને ઉજાળે છે. 'હું ભોગ ભોગવું' - આ પ્રયોગમાં 'હું' એ અહંકાર કિંવા અસ્મિતાથી ઉત્પન્ન થયેલો છે. અને 'ભોગ ભોગવું' એ ઈન્દ્રિયોની વાસના છે. આમાં 'હું' ના જ્ઞાનમાં પણ બુદ્ધિનું મિથ્યાજ્ઞાન છે અને 'ભોગ ભોગવું', એમાં પણ બુદ્ધિના મિથ્યાજ્ઞાનનો ઈન્દ્રિયો પર પ્રભાવ જોવા મળે છે. તેથી સંસારના સુખ-દુઃખાદિથી નિવૃત્ત થઈ પરમ શાન્તિરૂપ મોક્ષના માર્ગમાં મહાભિયાન આરંભવા સર્વપ્રથમ બુદ્ધિની શુદ્ધિ પરમ આવશ્યક બની જાય છે. ભગવતી વેદમાતા ગાયત્રી પણ એ જ સૂચવે છે, **'धीमहि, धियो यो नः प्रचोदयात्'** હું તેનું ધ્યાન ધરૂં છું; અથવા હું તેને મારા અન્તઃકરણમાં સેવું છું, કે જે અમારી સર્વની (બુદ્ધિનાં પ્રેરક છે અને) બુદ્ધિને પ્રેરે. તેમજ અન્યત્ર **'तं आत्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये'** એ શ્રુતિમાં પણ આત્મા અને બુદ્ધિને પ્રકાશનારા અથવા તો આત્મબુદ્ધિરૂપ પ્રકાશને આપનારા અથવા તો આત્મબુદ્ધિથી દષ્ટ થનારા એવા પરમાત્માનું શરણ મુમુક્ષુઓ માટે ચીંધવામાં આવ્યું છે. પ્રભુ શ્રીકૃષ્ણચંદ્ર પણ ગીતાના ૧૦ મા અધ્યાયમાં આજ્ઞા કરે છે કે **'ददामि बुद्धियोगं तं येन मां उपयान्ति ते'** આમ સ્વપ્રાપ્તિમાં પોતાના દ્વારા ભક્તને બુદ્ધિયોગનું દાન બતાવ્યું છે. બુદ્ધિમાં રહેલો દેહભાવ અથવા માત્ર લૌકિકભાવ અધઃપતનને પ્રાપ્ત કરાવે છે અને બુદ્ધિમાં ઉત્પન્ન થતો આત્મભાવ કિંવા બ્રહ્મભાવ મોક્ષદાયક બને છે. જેમ જ્ઞાનમાર્ગ પ્રકારે મોક્ષ માટે આ જ્ઞાન જરૂરી છે, તેવી જ રીતે ભક્તિ કરવા માટે પણ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન જરૂરી છે, અને માટે જ શ્રીઆચાર્યચરણ નારદપંચરાત્રના એ શ્લોકનો નિબંધમાં પણ ઉલ્લેખ કરે છે કે -

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

જો કે સ્નેહની ઉત્પત્તિ પછીથી માહાત્મ્યજ્ઞાનનો કોઈ ઉપયોગ નથી. કારણ કે પછીથી તો ભક્તિ સ્નેહ વડે જ આપોઆપ થશે; તેમ છતાં જ્યાં સુધી સ્નેહની ઉત્પત્તિ થઈ નથી, ત્યાં સુધી તો ભક્તિ માટે માહાત્મ્યજ્ઞાન આવશ્યક છે જ, અન્યથા ભક્તિ જ શક્ય નહિ બને. આમ ભક્તિ માટે પણ પ્રભુના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન, જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન, પોતે જે જગતમાં છે તેના સ્વરૂપનું જ્ઞાન, અને પોતાનો તેમજ જગતનો પ્રભુ સાથેનો સંબંધ - આ બધી વાતોનું વાંચન-મનન-શ્રવણ વગેરે દ્વારા જેમ જેમ બુદ્ધિમાં સ્પષ્ટ વિશ્લેષણ થતું જશે, તેમ તેમ જો ભગવદનુગ્રહ

હશે તો ચિત્ત સંસારમાંથી વિરક્ત થઇ ભક્તિયુક્ત બનતું જશે. અને તેથી જ વેદ-ઉપનિષદ્‌માં પણ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ જોવા મળે છે. અન્યથા બ્રહ્મપ્રતિપાદનપર વેદોમાં આકાશ-વાયુ-તેજ-જલ-પૃથ્વી-તન્માત્રા વગેરેની વાતો નિરર્થક બની જશે. રસાત્મક પરબ્રહ્મની રસરૂપતાની ચર્ચા કરનાર અથવા તો પરબ્રહ્મને રસરૂપે ઓળખાવનારું તૈત્તિરીય ઉપનિષદ્ પણ **‘तस्माद्वा एतस्मादात्मान आकाशः संभूतः’** વગેરે શબ્દોથી ભગવન્માહાત્મ્યજ્ઞાનનું પ્રતિપાદન કરે છે. યદ્યપિ અવતારદશામાં આ પ્રક્રિયા અપેક્ષિત નથી, કારણ કે ત્યારે તો સાક્ષાત્ પ્રભુ જ પોતાના સ્વરૂપને પ્રકટ કરી ભક્તિ પ્રદાન કરે છે. પણ અનવતારદશામાં તો આજ પ્રભુ વાઙ્મય સ્વરૂપ દ્વારા ભગવત્સ્વરૂપની જ્ઞાનપૂર્વક ભક્તિ થઇ શકશે. અને તેથી જ ભક્તિમાર્ગીય અન્ય વૈષ્ણવાચાર્યોએ તેમજ ભક્તિના વિશિષ્ટ અને શુદ્ધ સ્વરૂપને બતાવવા પ્રકટ થયેલા શ્રીવલ્લભાચાર્યચરણે પોતાના સમ્પ્રદાયના સિદ્ધાન્તોમાં તત્ત્વજ્ઞાનને સ્થાન આપ્યું છે. આ તત્ત્વજ્ઞાન પણ વસ્તુતસ્તુ ભક્તિહેતુરૂપ જ છે.

આ તત્ત્વજ્ઞાનના નિર્ધાર માટે દરેક આચાર્યે પોતપોતાની દૃષ્ટિએ માનબિન્દુરૂપ અમુક શાસ્ત્રોને પ્રમાણ રૂપે સ્વીકારેલા છે. એટલે કે આ શાસ્ત્રોમાં જે તત્ત્વજ્ઞાન વિષયક નિર્ધાર કરવામાં આવ્યો હોય તેના અવિરુદ્ધે જ પોતાનો મત સ્થાપ્યો છે. આમાં વૈદિક પરમ્પરામાં આવેલા પાંચે આચાર્યો (૧) શ્રીશંકરાચાર્ય (૨) શ્રીરામાનુજાચાર્ય (૩) શ્રીમધ્વાચાર્ય (૪) શ્રીનિમ્બાર્કાચાર્ય અને (૫) શ્રીવલ્લભાચાર્ય. વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર - આ ત્રણ ગ્રન્થોને પ્રમાણરૂપે સ્વીકારે જ છે, પણ આમાં પ્રથમ ચાર આચાર્યોથી આગળ વધીને શ્રીવલ્લભાચાર્યચરણ શ્રીમદ્ ભાગવત સમાધિભાષાને પણ ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારે છે, જેનું વિશેષ વિવેચન અમે આગળ કરીશું.

॥ वेदाः ॥

આમાં પ્રથમ પ્રસ્થાન માટે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે : **‘वेदाः’**. શબ્દરૂપ વેદો પ્રમાણ છે. પ્રત્યક્ષ, અનુમાન વગેરે પ્રમાણ વિષે શ્રીઆચાર્યચરણ જણાવે છે, ‘અમને શબ્દ પ્રમાણ જ ગ્રાહ્ય છે, કારણ કે પ્રત્યક્ષાદિમાં કેટલીક વાર આપણામાં લૌકિકતા તેમજ ક્ષુદ્રતા હોવાને કારણે ભ્રાન્તિ વગેરે દોષો પણ સંભવે છે જ્યારે શબ્દ પ્રમાણમાં આવા કોઇ દોષોની સંભાવના નથી.’ વેદ એ સ્વતઃસિદ્ધ પ્રમાણ છે, કારણ કે વેદ અપૌરુષેય છે, અલૌકિક જ્ઞાપક છે, અને ભગવાનના નિઃશ્વાસરૂપે પ્રકટ થયેલા છે. માયામાં વહી જતા જીવોને પોતાના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન કરાવવા પરમકૃપાળુ પ્રભુએ જ પોતાના નિઃશ્વાસથી વેદોને પ્રકટ કરેલા છે. તેથી વેદનો અક્ષરમાત્ર પ્રમાણ છે. શ્રીશંકરાચાર્યજી પોતાના મતના સ્થાપનમાં શ્રુતિઓને બે ભાગે વહેંચી દે છે, કેટલીક શ્રુતિઓને તેઓ ગૌણ અને કેટલીકને પ્રધાન ગણી પ્રધાન શ્રુતિઓના આધારે કેવલાદ્વૈત સિદ્ધાન્તને સમજાવે છે, પરંતુ શ્રીઆચાર્યચરમ શ્રુતિઓના આવા બે વિભાગો માન્ય કરતા નથી. વેદની કોઈ પણ શ્રુતિ અથવા તો તેનો કોઈ પણ અક્ષર મિથ્યા કે ગૌણ હોઈ શકે નહિ. કારણ કે તે ભગવન્નિઃશ્વસિત છે. અને તેનો સમગ્ર પ્રયત્ન માત્ર પરબ્રહ્મનું જ જ્ઞાન કરાવવાનો છે. તેથી વેદમાં ગૌણ-મુખ્યનો ભેદ કરવો એ સર્વથા અનધિકાર ચેષ્ટા જ કહેવાશે. **‘सर्वे वेदा यत्पदमामनन्ति’ ‘वेदैश्च सर्वैरहमेव वेद्यः’ ‘ वेदोऽखिलो धर्ममूलम्’ ‘सर्वे वेदा यत्रैकं भवन्ति’** આ બધા વાક્યો સમગ્ર વેદની પ્રામાણિકતાને પ્રદર્શિત કરે છે. તેવી જ રીતે વેદનું બીજ ગાયત્રી પણ પોતાના સર્વ શબ્દો અને અક્ષરોથી માત્ર પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. આમ વેદનો સમગ્ર હેતુ ભગવત્સ્વરૂપનું જ્ઞાન જ છે. તેથી લૌકિક બુદ્ધિ વડે અલૌકિક વેદોનું લૌકિકાર્થઘટન એ બુદ્ધિનો વ્યામોહ જ છે, બીજું કશું પણ નથી.

આવો જ પ્રસંગ શ્રીમદ્‌ભાગવતના પંચમસ્કંધમાં પણ આવે છે. મહારાજા પરીક્ષિત શ્રીશુકદેવજીને કહે છે : ‘આપ મને ભૂગોળ-ખગોળ-

જ્યોતિષનો ઉપદેશ કરો.’ ત્યારે પ્રશ્ન એ થાય છે કે જે ત્રણ ચાર દિવસ પછી દેહ છોડવાના છે, જે હકીકત તે પોતે જાણે પણ છે, જે ૫૦-૬૦ વર્ષની વય વટાવી ચૂક્યા છે, જેણે સર્વશાસ્ત્રોનું અધ્યયન સારી પેઠે કરેલું છે, જે વિદ્વાન છે, તેમજ હાલ જેણે મુમુક્ષુભાવને ગ્રહણ કરેલો છે, એ પરીક્ષિતને નાના બાળકની માફક ભૂગોળ-ખગોળ જાણવાની કેમ ઈચ્છા થઈ હશે ? ક્યાંક કથામાં અહીં વિસંવાદિતા તો નથી ને ? તેમજ પરીક્ષિતે ભલે પ્રશ્ન પૂછ્યો, પણ પરમહંસ પરિવ્રાજકાચાર્ય, પરમ બ્રહ્મનિષ્ઠ, પરમ ભાગવત ભગવાન શ્રીશુકમુનિ પણ પ્રશ્ન સાંભળીને ખૂબ લંબાણપૂર્વક ભૂગોલાદિનું વર્ણન કરે છે, તો શું શુકમુનિ પણ ભૂલા પડ્યા ? ભગવચ્છાસ્ત્ર શ્રીભાગવતમાં આ બધી લોકચર્ચાને સ્થાન કેવી રીતે હોઈ શકે ? આ પ્રશ્નનો ઉત્તર પંચમ સ્કન્ધના પરીક્ષિતના અને શુકદેવજીના સંવાદમાંથી જ મળી જાય છે. પરીક્ષિત ભૂગોલાદિ વિષયક પ્રશ્નમાં જ કહે છે :-

भगवतो गुणमये स्थूलरूप आवेशितं मनो ह्यगुणेऽपि सूक्ष्मतम आत्मज्योतिषि परे ब्रह्मणि भगवति वासुदेवाख्ये क्षममावेशितुं तदुहैतद् गुरोऽर्हस्यनुवर्णयितुमिति ॥ (भा.५.१६.३)

અર્થાત્ - જે મન ભગવાનના આ ગુણમય સ્થૂલ વિગ્રહમાં લાગી શકે છે, એ જ મન પ્રભુના નિર્ગુણ સૂક્ષ્મરૂપમાં પણ લાગવું સંભવ છે. તેથી ભગવદ્વિગ્રહરૂપે જે ભૂગોલાદિની સ્થિતિ છે તે પ્રકારે મને આપ વર્ણન કરો, જેથી હું પ્રભુના વિરાટ સ્વરૂપનું ચિત્તમાં અવગાહન કરી શકું.

આના પ્રત્યુત્તરમાં શ્રીશુકદેવજી કહે છે કે -

न वै महाराज भगवतो मायागुणविभूतेः काष्ठां मनसा वचसा वाधिगन्तुमलं विबुधायुषापि पुरुषस्तस्मात्प्राधान्येनैव भूगोलक–विशेषं नामरूपमानलक्षणतो व्याख्यास्यामः ॥ (भा.५.१६.४)

અર્થાત્ - ભગવદ્ગુણોનો એટલો વિસ્તાર છે કે કોઈ દેવતાઓની

આયુથી પણ મન, વાણી દ્વારા એનો અન્ત પામી શકે તેમ નથી. તેથી નામ, રૂપ, પરિમાણ અને લક્ષણથી મુખ્ય મુખ્ય વાતોને લઈને જ હું સર્વનું વર્ણન કરીશ.

આ સંવાદના શબ્દોથી જાણવા મળે છે કે ભૂગોલાદિ વિષયોનો શ્રીભાગવતમાં સમાવેશ લૌકિક પ્રકારે નથી, પણ ભગવત્સંબન્ધથી જ છે. આ વર્ણનમાં ભૂગોલાદિનું જ્ઞાન આપવાનો હેતુ નથી, પણ પ્રભુના વિરાટ્ સ્વરૂપનુ દર્શન કરાવવાનો હેતુ છે. એવી જ રીતે વેદ-ઉપનિષદ્માં પણ તત્ત્વોની ચર્ચા આજના સાયન્સના પુસ્તકોની માફક માત્ર લૌકિકરિત્યા તત્ત્વચર્ચા કરવા માટે નથી પણ ભગવદ્ભક્તિ માટે જરૂરી એવો સર્વાત્મભાવ ઉત્પન્ન કરવા માટે છે. જડ, ચેતન સર્વમાંથી લૌકિકભાવનો ત્યાગ કરી બ્રહ્મદર્શન કરવું એ જ મુખ્ય વાત છે. પોતાનામાં પણ જડ દેહમાંથી જડ બુદ્ધિનો, ચેતન જીવમાંથી જીવબુદ્ધિનો અથવા તો કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ ભાવોનો ત્યાગ કરી તેનો પણ ભગવત્સંબન્ધિત્વેન વિચાર કરવો. દેહ પણ ‘ભોગાયતન શરીર’ છે એવું ન માનતાં પ્રભુએ સ્વસેવાર્થ આપ્યો છે એમ માનવું, અને જીવ પણ ભોગ ભોગવવા માટે ભોક્તા નથી પણ તે ભગવદંશત્વેન સેવક હોઈ સેવા જ એનો પરમ ધર્મ છે, એમ માનવું. આ જ્ઞાનને ચિત્તમાં સ્થિર કરવા વેદોમાં તત્ત્વવિષયક, જીવવિષયક ચર્ચા કરવામાં આવેલી છે. તેવી જ રીતે વેદોમાં બતાવેલા કર્મો પણ બ્રહ્માનુભવ માટે ઉપયોગી એવી ચિત્ત શુદ્ધિ માટે જ છે, નહિ કે લૌકિક ફલોનું પ્રતિપાદન કરવા.

આ વિષયમાં શ્રીઆચાર્યચરણ અણુભાષ્ય પ્રથમાધ્યાયના પ્રથમ અને દ્વિતીય સૂત્રમાં લખે છે :-

‘किञ्च परमकृपालुर्वेदः संसारिणः संसारान्मोचयितुं कर्माणि चित्तशुद्धयर्थं बोधितवान्’ (અ.ભા.૧.૧.૧)

તથા **‘वेदश्च परमाप्तोऽक्षरमात्रमप्यन्यथा न वदति ।**

अन्यथा सर्वत्रैवाविश्वासप्रसङ्गात् ।' (અ.ભા.૧.૧.૨)

આમ આ બન્ને વાક્યોથી શ્રીઆચાર્યચરણનો વેદ વિશે અભિમત સ્પષ્ટતયા સમજી શકાય છે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે પ્રમાણોની બાબતમાં શબ્દ પ્રમાણને જે મહત્ત્વ આપવામાં આવ્યું છે તે માત્ર વેદાદિ શાસ્ત્રો પૂરતું જ છે. કારણ કે તે સર્વ અલૌકિક છે. અને અલૌકિકજ્ઞાપક છે. આથી લૌકિક પ્રકારે શબ્દપ્રમાણ શ્રીઆચાર્યચરણને અભીષ્ટ નથી જ. ગીતામાં અર્જુન ભગવાનને કહે છે :-

स्वयमेवात्मनात्मानं वेत्थं त्वं पुरुषोत्तम ।

(ગીતા. ૧૦.૧૫)

તમને આ જગતમાં કોઈ પણ જાણી શકે તેમ નથી. તમે જ માત્ર તમને સારી પેઠે જાણો છો. તેથી તમે જો કૃપા કરીને તમને શબ્દથી જણાવો તો જ કોઈ તમને જાણી શકે. આમ ભગવત્સ્વરૂપને ભગવાન જ પ્રકટ કરી શકે છે. અને તેથી જ કૃપાલુ પ્રભુએ પોતાના જ્ઞાન માટે જે વેદોને પ્રકટ કર્યા તે વેદો ભગવન્નિઃશ્વસિતરૂપ શબ્દપ્રમાણ તરીકે હોઈ અહીં શ્રીઆચાર્યચરણ પ્રથમ પ્રમાણમાં બતાવે છે કે અમારું પ્રથમ પ્રસ્થાન એ વેદો છે **'वेदाः'** ॥

॥ श्रीकृष्णवाक्यानि ॥

પ્રથમ પ્રસ્થાન તરીકે **'वेदाः'** શબ્દથી, શ્રુતિઓમાં ગૌણ અને મુખ્યનો શંકરાચાર્યની માફક ભેદ કર્યા વિના, સર્વ શ્રુતિઓને સ્વીકારી, આગળ દ્વિતીય પ્રસ્થાન તરીકે શ્રીઆચાર્યચરણ **'श्रीकृष्णवाक्यानि'** એટલે કે 'શ્રીકૃષ્ણ વાક્યો'નો ઉલ્લેખ કરે છે. મહાભારત ભીષ્મપર્વમાં યુદ્ધના આરંભે સમરાઙ્ગણમાં બન્ને સેનાઓ વચ્ચે કિંકર્તવ્યામૂઢ એવા પોતાના ભક્ત અર્જુન પર કૃપા કરીને પોતાના મુખકમલ દ્વારા ઉચ્ચારાયેલા **'कुतस्त्वा कश्मलमिदम्'**થી આરંભી **'क्वचिदेतच्छ्रुतं पार्थ'** પર્યન્તમાં કહેવાયેલા સર્વ ભગવદ્વાક્યોનો અહીં સમાવેશ કરવાનો છે.

યદ્યપિ **'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि'** એ શ્રુતિના આધારે બ્રહ્મ કેવલ ઉપનિષદ્વેદ્ય જ છે. તેથી બ્રહ્મવિચારમાં અથવા તો તત્ત્વનિશ્ચયમાં સ્મૃતિગ્રન્થોનો સમાવેશ થઈ શકે નહિં, તેમજ સ્મૃતિશાસ્ત્ર ગીતાને સ્વીકારવામાં આવે તો પછી અન્ય મનુ વગેરેની સ્મૃતિઓને પણ સ્વીકાર થવો જરૂરી થઈ જાય. તેથી ગીતાને પણ પ્રસ્થાન તરીકે ન સ્વીકારાય, એવી શંકા થાય તો તેના સમાધાનમાં શ્રીઆચાર્યચરણ આણુભાષ્યના પ્રથમ અધ્યાયના દ્વિતીય પાદના છઠ્ઠા સૂત્ર **'स्मृतेश्च'** ના ભાષ્યમાં લખે છે :

'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि' इति श्रुतेः केवलोपनिषद्वेद्यं ब्रह्म, न प्रमाणान्तरवेद्यम् । ततश्चार्जुनस्य शिष्यरूपेण प्रपन्नस्य पुष्टिभक्तत्वाभावाद् भगवद्वाक्ये निर्विचिकित्सविश्वासाभावाद् रथित्वेनैव स्थाप्यत्वान्न तादृशाय तादृशदेशकालयोरुपनिषदा-मवक्तव्यत्वाद् गुरुरूपतादृशरूपं निःश्वसितवेदोद्गमजनकं स्मृत्वा तदर्थमपि स्मृत्वा भगवान् पुरुषोत्तमो वाक्यान्युक्तवान् स्मृतिरूपाणि। ततो ब्रह्मविचारे तान्यप्युदाहृत्य चिन्त्यते । पुनश्च भगवाँस्तदधिकारेण ब्रह्मविद्यां निरूप्य स्वकृपालुतया

सर्वगुह्यतममित्यादिना भक्तिप्रपत्तिमेवोक्तवान् । (अ.भा.१.२.६)

તે ઔપનિષદ પુરુષ વિશે હું પૂછું છું. (બૃ.ઉ.૩.૯.૨૬) એ શ્રુતિવાક્ય પ્રમાણે બ્રહ્મ કેવલ ઉપનિષદથી જ જાણી શકાય છે. અન્ય પ્રમાણોથી બ્રહ્મને સારી રીતે જાણી શકાતું નથી. તેમજ **‘शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्’** (ગીતા. ૨.૭) વાક્ય પ્રમાણે શિષ્ય તરીકે શરણે આવેલો અર્જુન પુષ્ટિભકત ન હોવાથી તે ભગવત્સ્વરૂપ અને ભગવદ્વાક્યોમાં સંશય રહિત વિશ્વાસવાળો નથી. જો તે સંશય રહિત વિશ્વાસવાળો હોત તો **‘अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।’** (ગીતા. ૪.૪) આ શ્લોકમાં ભગવદ્વાક્યોમાં અને **‘एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते । ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥’** (ગીતા. ૧૨.૧) માં બે પ્રકારના ઉપાસકોમાં શ્રેષ્ઠત્વ બાબત પ્રશ્ન કરીને પ્રત્યક્ષ ઉપસ્થિત પરબ્રહ્મના સ્વરૂપમાં શંકા પ્રતિધ્વનિત કરી છે તે ન થાત. તદુપરાંત **‘कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः’** (ગીતા. ૧૧.૩૨) માં પ્રભુએ પોતે જ પોતાની શી ઈચ્છા છે તે જણાવી છે કે પોતાના અવતાર માટે પ્રયોજનરૂપ બનેલી પૃથ્વીની પ્રાર્થનાને લક્ષ્યમાં લઈ પૃથ્વી-દેવ-બ્રાહ્મણ વગેરેના કષ્ટોને દૂર કરવા દુષ્ટોનો સંહાર કરવો. ગીતાના ચોથા અધ્યાયના આઠમા શ્લોકમાં ભગવાન કહે છે :

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे । (ગીતા. ૪.૮) અર્થાત્ ‘પ્રવૃદ્ધ અસુરભાવના પ્રાબલ્યથી ખંડિત થઈ ગયેલી અથવા ઉખડી ગયેલી ધર્મપ્રવૃત્તિને પુનઃ સ્થાપિત કરવા ધર્મરૂપ બનેલા સાધુઓનું રક્ષણ કરવા, અને ભગવન્માર્ગમાં અવરોધરૂપ બનવાનો પ્રયત્ન કરી રહેલા દુષ્ટ કૃતિવાળા અથવા કાળે કરીને પ્રવૃદ્ધ બનેલા હોઈ પ્રભુ વિના જેમની કૃતિ દુર્નિવાર છે એવા દુષ્ટોનો વિનાશ કરવા, અને સૃષ્ટિના કલ્યાણ માટે દરેક યુગના જે ધર્મોનું શાસ્ત્રોમાં નિરૂપણ કરવામાં આવેલું છે તે ધર્મોનું તે તે યુગ અનુસાર સૃષ્ટિમાં પ્રવર્તન કરવા અને તેને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા હું પ્રત્યેક યુગમાં જન્મ લઉં છું, - આ પ્રમાણેની પોતાની પ્રતિજ્ઞા અનુસાર સર્વ લોકનો ક્ષય કરનાર હું કાળ છું - એમ કહી મહાભારતમાં ઉપસ્થિત સર્વજનોનું યુદ્ધમાં આગમન કાલબુભુક્ષાથી જ છે. તેથી સંહાર એ જ ભગવદિચ્છા છે એ સ્પષ્ટ થાય છે. તે ઈચ્છાના આધારે ગીતાના ૧૧ મા અધ્યાયના તેત્રીસમા શ્લોકમાં ભગવાને અર્જુનને કહ્યું છે :-

‘तस्मात्त्वमुत्तिष्ठ यथो लभस्व जित्वा शत्रून् भुङ्क्ष्व राज्यं समृद्धम् । मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥’

‘તું ઉભો થા, શત્રુવિજયરૂપ યશને પ્રાપ્ત કર, અને રાજ્યસુખને ભોગવ’. એમ કહી આ શ્લોકમાં પાંડવોને માટે રાજ્યભોગ અને બાકીના ૧૮ અક્ષૌહિણીમાં ઉપસ્થિતોનો સંહાર એમ બે પ્રકારની ભગવદિચ્છા બતાવી છે. અને ‘આ બંને પ્રકારની મારી ઈચ્છા પ્રમાણેની વ્યવસ્થામાં તું નિમિત્ત માત્ર થા’, એમ ભગવાને અર્જુનને કહ્યું છે. એટલે અહિં આ પ્રકારે પંક્તિ બનાવાશે :

मया कालरूपेणैव पूर्वं निहतास्त एवोभयसम्बन्धित्वेनात्र समराङ्गणे युद्धार्थमागताः, तानेव हन्तुं त्वं निमित्तमात्रं भव, तत्र हनने भोगे च मया हतः, प्राप्तजयोऽस्मि, वीरोऽहमाढयोऽहं, सर्वसाधनसम्पन्नोऽहमित्याद्यज्ञानजन्मभावं त्यक्त्वा सर्वत्र सर्वकालेषु च मदिच्छानुकूलतयैव प्रवर्तने स्वस्वरूपं तदंशत्वेन सेवकत्वं हृदीकृत्य भक्तोचितनिमित्तभावं धारय ।

આ પ્રમાણે શ્લોકાર્થ કરવાથી બીજા અધ્યાયમાં **‘कथं भीष्ममहम्’** થી આરંભી **‘राज्यं सुराणामपि चाधिपत्यम्’** સુધીના પાંચ શ્લોકમાં પ્રદર્શિત થતા અર્જુનના ભાવોનું સમાધાનપૂર્વક ખંડન કરવામાં આવ્યું છે. આથી મહાભારત યુદ્ધની સમગ્ર પ્રવૃત્તિ કાલરૂપ ભગવાનથી પ્રેરિત છે. તેથી અહીં અર્જુનને પણ રથી તરીકે પ્રભુએ જ સ્થાપેલા છે. અને પોતાની તે ઈચ્છાને લઈને યુદ્ધને ઉપયુક્ત અહંકાર પણ આવશ્યક હોય છે, અન્યથા હનન સંભવ જ ન થાય. તેથી પ્રભુએ જ અર્જુનમાં તેટલો અહંકાર રહેવા દીધો છે. તેથી તેવા સાહંકારો માટે તેમજ

તેવા યુદ્ધના પ્રદેશમાં અને યુદ્ધકાલમાં ઉપનિષદ્ તત્ત્વ કહેવું અયોગ્ય હોવાથી **‘यो वै वेदांश्च प्रहिणोति तस्मै’** ઈત્યાદિ શ્રુતિઓમાં વર્ણવેલું જે મર્યાદાપ્રતિપાદક, નિઃશ્વાસરૂપ વેદના ઉદ્દગમજનક ગુરુરૂપનું સ્મરણ કરીને સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમે સ્મૃતિરૂપે વાક્યો ઉચ્ચાર્યા, તેથી ગીતાને સ્મૃતિમાં ગણવામાં આવે છે. તેમ છતાં પણ ગીતામાં વેદોક્ત તત્ત્વનો નિર્ધાર અને એ વિષયમાં ઉત્પન્ન થતાં સન્દેહનું નિવારણ સ્વયં સાક્ષાત્ પુરુષોત્તમ પ્રભુએ જ સ્વમુખપદ્મનિઃસૃત વાક્યોથી કરેલું છે, તેથી બ્રહ્મવિચારમાં કિંવા તત્ત્વનિશ્ચયમાં અન્ય ઋષિઓ દ્વારા ઉચ્ચારાયેલા સ્મૃતિ વાક્યો કરતાં ભગવદ્વાક્યોનું બલ ઘણું વિશેષ છે, તે નિર્વિવાદ છે. આમ વેદમાં ઉભયવિધ શ્રુતિઓથી જો મનમાં સન્દેહ ઉત્પન્ન થાય છે : જેમ કે **‘अपाणिपादो जवनो ग्रहीता ।’** વગેરે શ્રુતિવાક્યોમાં સન્દેહ થાય કે અહિં શ્રુતિ બ્રહ્મનું સામાન્યતઃ કરચરણાદિરહિત નિરાકારત્વ બતાવવા માગે છે કે પછી માત્ર પ્રાકૃત કરચરણનો જ નિષેધ કરે છે તો એ સન્દેહનું **‘सर्वतः पाणिपादान्तम्’** વગેરે ગીતાના શબ્દોથી નિવારણ કરી શકાય કે પ્રભુ પોતે જ કંઠતઃ આજ્ઞા કરે છે કે બ્રહ્મ સર્વતઃ પાણિપાદાન્ત છે. તેથી શ્રુતિ માત્ર પ્રાકૃતકરચરણાદિનો જ નિષેધ કરે છે. તેથી પ્રાકૃત ગંધ રહિત અપ્રાકૃત કરચરણાદિયુક્ત પ્રભુનું સાકાર સ્વરૂપ છે એમ સ્પષ્ટ થાય છે. અન્યથા ગીતામાં બ્રહ્મનું જે સર્વતઃ પાણિપાદાન્તત્વ કહ્યું છે તે સંભવી શકે નહિં. આમ ગીતાશાસ્ત્ર વેદમાં ઉત્પન્ન થતા સન્દેહોનું નિવારક છે, તેથી તે બ્રહ્મવિચારમાં નિતાન્ત આવશ્યક છે.

આ ઉપરાંત પોતાની વિશેષ કૃપાના આધારે પ્રભુએ અર્જુનને ગીતામાં વિશેષ ઉપદેશ આપેલો છે જે ૧૮ મા અધ્યાયમાં શ્લોક ૬૪ થી શ્લોક ૬૬માં જોવા મળે છે. અઢારમા અધ્યાયના અન્તમાં **‘तमेव शरणं गच्छ सर्वभावेन भारत’** (ગીતા.૧૮.૬૨) શ્લોકથી ઉપદેશ કરી

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ (ગીતા. ૧૮.૬૩)

‘મેં તને ગુહ્યાદ્ ગુહ્યતર જ્ઞાન આપ્યું, હવે તને જેમ ઠીક લાગે તેમ તું કર’ એ શબ્દોથી **‘कुतस्त्वा कश्मलमिदम्’** (ગીતા.૨.૨) થી આરંભી અહિં પર્યન્તના પોતાના ઉપદેશની સમાપ્તિ કરી. પણ ત્યારબાદ વિશેષ અનુગ્રહપૂર્વક પ્રભુ ફરીથી શ્લોક ૬૪ થી શ્લોક ૬૬ માં ત્રણ શ્લોકો દ્વારા ઉપદેશ આપે છે કે

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥

હે અર્જુન, તું મને અતિશય પ્રિય છે, તેથી સર્વ ગુહ્યતમ એવા મારા પરમ રહસ્યયુક્ત વચનને ખૂબ ધ્યાનથી સાંભળ, એમ કહીને **‘मन्मना भव मद्भक्तो’** અને **‘सर्व धर्मान् परित्यज्य’** એમ બે શ્લોકોમાં ભક્તિ અને પ્રપત્તિનો વિશિષ્ટ ઉપદેશ આપ્યો. ગુહ્યાદ્ ગુહ્યતર કહીને પછી ફરીથી જે સર્વગુહ્યતમત્વેન ભક્તિ-પ્રપત્તિ કહેવામાં આવી છે, તે પુષ્ટિ પ્રકારે કહેવામાં આવી છે. નહિં તો આના પહેલાં પણ ગીતામાં ભક્તિ અને પ્રપત્તિ બતાવાઈ જ ગઈ છે. પૂર્વમાં ભક્તિ અને પ્રપત્તિનો નિર્દેશ તો કરવામાં આવ્યો છે જ, પણ અહિં અર્જુનને સ્વતંત્ર કૃપાપૂર્વકભાવનું અને પ્રપત્તિનું દાન કરવામાં આવ્યું છે. અને તેથી સર્વધર્મના ત્યાગની આજ્ઞા આપી છે. **‘श्रृतिस्मृती ममैवाज्ञे’** એ ભગવદ્વાક્ય પ્રમાણે શ્રુતિ અને સ્મૃતિમાં જણાવેલા સર્વ ધર્મો ભગવાનની આજ્ઞારૂપ જ છે. તેથી ભક્તો ભગવદાજ્ઞા સમજીને જ તેનું પરિપાલન કરતા હોય છે. પણ પૂર્ણ દાસ્યની પ્રાપ્તિ પછી દાસધર્મ સિવાયના અન્ય ધર્મોનું યથોચિત પરિપાલન શક્ય હોતું નથી. તેથી દાસધર્મનો નિર્વાહ એ જ એનો સ્વધર્મ અથવા પરમ ધર્મ હોય છે, ભક્તો ધર્મોની મર્યાદાને ઉલ્લંઘીને પણ ધર્મી સ્વરૂપ પ્રભુને ભજતા હોય છે. તેથી તેમને અધર્મનો બાધ થતો નથી. કારણ કે **‘अन्तरङ्गकार्यकरणे बहिरङ्गमसिद्धम्’** એ ન્યાયે ધર્મીએ અન્તરંગ છે, અને ધર્મ એ બહિરંગ છે. તેથી જ શ્રીમદ્વ્રજસિમન્તિનીઓએ ફલ પ્રકરણના આરંભે મર્યાદારૂપ ભગવદુપદેશને નહીં સ્વીકારી પુષ્ટિરૂપ ધર્મી ભજનનો જ આગ્રહ સેવતા

પછી પ્રભુએ પણ પુષ્ટિને અંગીકાર કરેલી દેખાય છે. એમ આ ગીતાશાસ્ત્રમાં પણ પ્રથમ મર્યાદાનું પ્રભુએ નિરૂપણ કર્યું છે :

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

(ગીતા. ૧૬.૨૩,૨૪)

આમ આ બે શ્લોકોમાં દૈવીજીવોને માટે શાસ્ત્રવિહિત કર્મોનો નિર્દેશ કર્યો અને તેનાથી જ તેઓને સુખ, સિદ્ધિ અને ઉત્તમ ગતિની પ્રાપ્તિ બતાવી. અર્જુન દૈવી છે તેથી **'न हिन्स्यात् सर्वभूतानि'** વગેરે ધર્મવાક્યોથી જ પૂર્વમાં પ્રથમાધ્યાયમાં તેની યુદ્ધ માટેની અનિચ્છા બતાવી છે, **'धर्मे नष्टे कुलं नष्टम्'** વગેરે વાક્યોથી. પણ પ્રભુએ ગીતાશાસ્ત્રનો ઉપદેશ આપતાં અન્તના આ બે શ્લોકમાં અર્જુનને પૂર્વકથનથી વિપરીત આજ્ઞા આપી છે. 'તું મારી આજ્ઞાથી યુદ્ધ કર, હું તને શરણાગતિનું દાન કરું છું, ધર્મ વિરૂદ્ધકરણથી મારી આજ્ઞાના ઉલ્લંઘનરૂપ દોષથી ઉત્પન્ન થતાં સર્વ પાપોથી તું જે ભયમાં છે તેનો શોક છોડ, અને હું ધર્મીનું શરણ સ્વીકારી ધર્મીઆજ્ઞાપાલનરૂપ યુદ્ધ કર, તને સર્વ પાપોથી હું મુક્ત કરીશ, તું ચિન્તા છોડી દે આમ અર્જુનમાં રહેલા મર્યાદાભાવનું ખંડન કરી પુષ્ટિમાં તેનો અંગીકાર કર્યો છે. એટલે જ એ સર્વ ગુહ્યતમ ઉપદેશ પૂર્વકથિત સંસ્મૃત ગુરુરૂપથી વિશિષ્ટ પ્રકારનો છે. અને તેથી જ આ શાસ્ત્રનું ઉપનિષત્વ પણ કહેવામાં આવ્યું છે.

આમ અન્ય જીવકૃત સ્મૃતિઓ કરતાં આ સ્મૃતિશાસ્ત્રનું વૈશિષ્ટ્ય હોઈ તેમજ આનું વેદતુલ્યત્વ હોઈ તેમજ વેદ-વેદાન્તના અર્થોનો ભાષ્યરૂપ પ્રકાશ કરનાર હોઈ, સાક્ષાદ્ ભગવન્મુખનિઃસૃત હોઈ, બ્રહ્મવિચારમાં કિંવા તત્ત્વનિર્ધારમાં આનો મહત્ત્વપૂર્ણ ઉપયોગ હોઈ, આ શાસ્ત્રને પ્રમાણરૂપે સ્વીકારવામાં આવ્યું છે.

॥ व्याससूत्राणि चैव हि ॥

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા ઉચ્ચારાયેલી વાણીને પ્રમાણરૂપે કહીને હવે આગળ શ્રીઆચાર્યચરણ મીમાંસાશાસ્ત્રને પોતાના તૃતીય પ્રસ્થાન તરીકે જણાવે છે.

'अथातो ब्रह्मजिज्ञासा' સૂત્રથી આરંભ કરી ચાર અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસે વેદાંતની સમીક્ષા માટે જે સૂત્રો રચ્યાં તે 'બ્રહ્મસૂત્રો' અથવા 'વ્યાસસૂત્રો' કહેવાય છે.

જો કે કેટલાક આધુનિક વિચારકો વ્યાસ અને બ્રહ્મસૂત્રના વિષયમાં ગંભીર મતભેદ ધરાવે છે. કેટલાકનું એમ માનવું છે કે વ્યાસ એ કોઈ એક વ્યક્તિ નથી, પણ એક પરંપરાનું નામ છે. એટલે વ્યાસપરંપરામાં આવનાર પ્રત્યેક વ્યક્તિને વ્યાસ તરીકે જ પહેલાં ઓળખવામાં આવતી હતી. અને તેથી કૃષ્ણદ્વૈપાયન વ્યાસ અને બાદરાયણ વ્યાસ જુદા છે, તેમ એ લોકો માને છે. આ વિચારકોનું એમ પણ માનવું છે કે વેદનો વિભાગ કરનારા વેદવ્યાસ છે, ભાગવતના કર્તા કૃષ્ણદ્વૈપાયન વ્યાસ છે, મહાભારતના રચયિતા પરાશર વ્યાસ છે, બાકીના ૧૭ પુરાણો પણ અલગ-અલગ વ્યાસોની કૃતિઓ છે. અને પ્રસ્તુત બ્રહ્મસૂત્ર કિંવા વ્યાસસૂત્રના કર્તા બાદરાયણ વ્યાસ છે. તેમજ ઉપર જણાવેલા દરેક વ્યાસનો સમય ગાળો પણ જુદો જુદો છે. તેવી જ રીતે ગીતાના ૧૩ મા અધ્યાયમાં બ્રહ્મસૂત્રનો ઉલ્લેખ કરવામાં આવેલો છેઃ

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥

(ગીતા. ૧૩.૪)

આ શ્લોકમાં નિર્દિષ્ટ બ્રહ્મસૂત્ર અને આજના પ્રવર્તમાન વ્યાસસૂત્ર કે જેના પર સર્વ આચાર્યોના ભાષ્યો છે તે બંને અલગ છે. તેમની માન્યતા મુજબ આજથી લગભગ ૨૨૦૦ વર્ષ પર (ઈ.સ.પૂર્વે ૨૫૦ વર્ષ) એક

સૂત્રયુગ ચાલ્યો હતો જેમાં સિદ્ધાન્તનું કે વિષયનું નિરૂપણ સૂત્રો દ્વારા સમજાવવાની પ્રણાલિકા પ્રચલિત થઈ હતી, જેને કારણ તે સમયમાં અનેક સૂત્રગ્રંથોની રચના થઈ હતી, જેમાં યોગસૂત્રો, વ્યાકરણસૂત્રો, ભક્તિસૂત્રો, વેદાન્તસૂત્રો વગેરેનો સમાવેશ થઈ શકે. તે જ સમયમાં (સૂત્ર યુગમાં) બાદરાયણ વ્યાસનો સમય કલ્પી આ વેદાન્તસૂત્રની રચનાનો કાળ પણ તેઓ આજથી લગભગ ૨૨૦૦ વર્ષ પૂર્વેનો માને છે.

ઉપર જણાવેલા બધા જ મતો સાથે શ્રીઆચાર્યચરણ સમ્મત નથી. કારણ કે પ્રભુની નામ અને રૂપ એ ઉભયવિધ ક્રીડા અલૌકિક હોઈ તેનું જ્ઞાન અથવા તેનું પ્રતિપાદન ભગવત્કૃપા અને ભગવદિચ્છા વિના સંભવિત નથી. તેમજ લૌકિક પ્રાકૃત બલવાળી વાણીથી પણ સંભવિત નથી. તેથી જ પરમ કારૂણિક પ્રભુએ આ સર્વ કાર્યોના હેતુ માટે પોતાની જ્ઞાનકલા દ્વારા વ્યાસરૂપે અવતાર ગ્રહણ કર્યો. અને તે અવતાર દ્વારા પોતાના મહાન કાર્યથી **'व्यासोच्छिष्टं जगत्सर्वम्'** ની અદ્ભૂત પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી શક્યા. પરાશર, કૃષ્ણદ્વૈપાયન, બાદરાયણ, વેદવ્યાસ અથવા વ્યાસ આ બધા જ નામો એકના જ છે તેમજ વ્યાસ નામથી પ્રસિદ્ધ સર્વ કૃતિઓ એક જ જ્ઞાનવતાર વ્યાસની છે. જો જ્ઞાનાવતાર વ્યાસથી ભિન્ન બાદરાયણ વ્યાસને માનવામાં આવે તો શ્રુતિસ્મૃતિના અર્થમાં કે નિર્ણયમાં બ્રહ્મસૂત્ર પ્રમાણભૂત થઈ શકે નહિં. જેમ ઘણા ઋષિઓએ સ્મૃતિગ્રન્થોની રચના કરી છે, તેમ છતાં પણ બ્રહ્મવિદ્યાના વિષયમાં માત્ર ગીતાને જ વેદાર્થમાં પ્રમાણ તરીકે સ્વીકારે છે, કારણ કે એમાં અન્ય પ્રાકૃત ઋષિઓ દ્વારા નહિં અપિતુ સાક્ષાદ્ પ્રભુએ ઉચ્ચારેલા વાક્યો છે. તેવી જ રીતે શ્રીવ્યાસચરણ પણ સાક્ષાત્ પ્રભુના જ્ઞાનાંશથી પ્રકટ થયેલા હોઈ, અને તેમનું અવતાર પ્રયોજન તે માટેનું જ હોઈ, એમણે જે વેદ-વેદાન્તનું અર્થગ્રહણ કર્યું હોય કે તે સંબન્ધમાં જે નિર્ણય કરેલો હોય તે પણ પ્રમાણભૂત જ છે. કારણ કે જ્ઞાનાંશત્વેન તે અર્થગ્રહણ કે નિર્ણય પણ પ્રભુ દ્વારા જ છે અને તેથી જ શ્રીઆચાર્યચરણ અણુભાષ્યમાં આજ્ઞા કરે છે કે **'व्यासस्यापि भगवज्ज्ञानांशत्वाददोषः।'** (અ.ભા.૧.૨.૬)

વેદનો વિભાગ, મહાભારતની રચના, પુરાણોની રચના, ભાગવતની રચના અને વેદાંત સૂત્રોની રચનામાં એક જ વ્યાસનું કર્તૃત્વ છે તેમ શ્રીમદ્ભાગવત પ્રથમ સ્કન્ધથી પણ ફલિત થાય છે. તેમજ શ્રીમદ્ભાગવતમાં તે સ્થાને થયેલા ઉલ્લેખથી વ્યાસચરણનો સમય પણ નિશ્ચિત થઈ જાય છે જેથી પહેલાં કહેવાયેલા બધા જ મતો આપોઆપ નિરસ્ત થઈ જાય છે. ઉદાહરણ તરીકે

१. **द्वैपायनो विरहकातर आजुहाव ।**
(ભાગવત ૧.૨.૨)

२. **ततः सप्तदशे जातः सत्यवत्यां पराशरात् ।**
चक्रे वेदतरोः शाखा दृष्ट्वा पुंसोऽल्पमेधसः ॥
(ભાગવત ૧.૩.૨૧)

३. **द्वापरे समनुप्राप्ते तृतीये युगपर्यये ।**
जातः पराशराद्योगी वासव्यां कलया हरेः ॥
(ભાગવત ૧.૪.૧૪)

४. **ऋग्यजुःसामाथर्वाख्या वेदाश्चत्वार उद्धृताः ।**
इतिहासपुराणं च पञ्चमो वेद उच्यते ॥
(ભાગવત ૧.૪.૨૦)

५. **इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ।**
(ભાગવત ૧.૪.૨૫)

६. **जिज्ञासितमधीतं च ब्रह्म यत्तत्सनातनम् ।**
तथापि शोचस्यात्मानमकृतार्थ इव प्रभो ॥
(ભાગવત ૧.૫.૪)

૭. निर्गते नारदे सूत भगवान् बादरायणः ।
श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः ॥

(ભાગવત ૧.૭.૧)

ઉપર જણાવેલા ભાગવત પ્રથમ સ્કન્ધના ભિન્ન ભિન્ન અધ્યાયોના શ્લોકો પૈકી પ્રથમ શ્લોકમાં જેમને દ્વૈપાયન કહ્યા છે તેમને જ સાતમા શ્લોકમાં બાદરાયણ અને બીજા શ્લોકમાં પારાશર તરીકે ઓળખવામાં આવ્યા છે. તેમજ તેમને જ ચોથા શ્લોકમાં વેદવ્યાસ તરીકે બતાવવામાં આવ્યા છે. તેવી જ રીતે જેમનો ચોથા શ્લોકમાં વેદવિભાગકર્તા અને ઈતિહાસ-પુરાણોના રચયિતા તરીકે ઉલ્લેખ થયો છે, તેમની જ કૃતિ મહાભારત છે, એમ પાંચમા શ્લોકથી સ્પષ્ટ થાય છે. અને તે જ વ્યાસ મહાનુભાવે સમાધિ દ્વારા શ્રીમદ્ ભાગવત પ્રકટ કર્યું છે એમ તે સ્થાનોની કથાથી જાણવા મળે છે. આ વ્યાસ મહાનુભાવની વેદ-વેદાન્તમાં પૂર્ણ યોગ્યતા અને અધિકાર છે એવું છઠ્ઠા શ્લોકમાં બતાવ્યું છે. આજ વ્યાસચરણ ભગવાનના જ્ઞાનાંશથી સત્તરમા અવતાર તરીકે બીજા શ્લોકમાં પ્રતિપાદિત થયેલા છે. આમ શ્રીમદ્ ભાગવતના આ સર્વ પ્રમાણોથી એક જવ્યાસ દ્વારા આ સર્વ શાસ્ત્રોની રચના છે તે સ્પષ્ટ થાય છે.

અહીં વ્યાસજીના કાલ નિર્ણયને માટે ભાગવત ૧-૪-૧૪ મો શ્લોક બરાબર તપાસવો જરૂરી છે. તેમાં જણાવ્યું છે કે ત્રીજી વખતના ચતુર્યુગમાં (સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ-આ ચારનો ભેગો સમય તે એક ચતુર્યુગ કહેવાય છે) આવતા દ્વાપરયુગમાં પરાશર મુનિથી વાસવીમાં પ્રભુ શ્રીહરિની જ્ઞાનકલા વડે વ્યાસજી ઉત્પન્ન થયા.

આ શ્લોક પર અન્ય ટીકાકારો અને શ્રીઆચાર્યચરણ તેમજ ગો.શ્રીપુરુષોત્તમજીના મતને બરાબર સમજવો જરૂરી છે. શ્રીમદ્ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી લખે છે :-

.... द्वापर इति । द्वापरे समनुप्राप्ते ।

कदेत्यपेक्षायामाह। तृतीये युगस्य पर्यये परिवर्ते । वासव्यामुपरिचरस्य वसोर्वीर्याज्ञातायां सत्यवत्यां योगी ज्ञानी व्यासो जातः ।

(શ્રીધરકૃત ભાવાર્થદીપિકા, ભાગવત ૧.૪.૧૪)

આ 'શ્રીધરી ભાવાર્થદીપિકા' પરની ટીકા 'ભાવાર્થદીપિકાપ્રકાશ' માં વંશીધર લખે છે કે,

युगानां सत्यादीनां बहूनां पर्ययोऽतिक्रमो यत्र तस्मिन् 'पर्ययोऽतिक्रमस्तस्मिन्नतिपात उपात्ययः'इत्यमरः । बहुयुगातिक्रमे । यद्वापरं तस्मिंस्तच्च कृष्णावतारसम्बन्ध्येव ज्ञेयम् । तदवतारश्च वैवस्वतमन्वन्तरीयाष्टाविंशतितमे द्वापरे व्याख्यास्यते । कीदृशे तृतीये संध्यारूपयुगरूप संध्यांशरूपाणीति सर्व युगानि त्रिरूपाणि भवन्त्यतस्तृतीये संध्यांशरूपे इति विश्वनाथः । तीर्थस्तु कृतयुगापेक्षया तृतीये द्वापरे समनुप्राप्ते किंभूते युगस्य पर्ययोऽवसानं यत्र तस्मिन् द्वापरान्त इत्यर्थ माह ।

(વંશીધરકૃત ભાવાર્થદીપિકા પ્રકાશ, ભાગવત ૧.૪.૧૪)

શ્રીરાધારમણદાસ ગોસ્વામી 'દીપ'ની વ્યાખ્યામાં સંક્ષેપમાં જણાવે છે કે,

तृतीय इति । तृतीयत्वं कलिमादाय वैपरीत्येन गणनया त्रेतायुगावसाने इत्यर्थ :- इति व्याख्यालेशः । परिवर्ते समाप्तिकाले सन्धावित्यर्थ :-इति बुधरञ्जनी ।

(શ્રીરાધારમણદાસ ગોસ્વામી કૃત 'દીપ'ની વ્યાખ્યા, ભાગવત ૧.૪.૧૪)

શ્રીમદ્ વીરરાઘવજી વ્યાખ્યામાં લખે છે :

द्वापरे युगे समनुप्राप्ते तत्रापि तृतीयेऽस्य युगस्य पर्यायेऽवसाने पराशरात् ...... ।

(શ્રીમદ્‌વીરરાઘવવ્યાખ્યા, ભાગવત ૧.૪.૧૪)

શ્રીમદ્ વિજયધ્વજકૃત ‘પદરત્નાવલી’માં ઉલ્લેખ છે :

कृतयुगापेक्षया तृतीये द्वापरे युगे युगपर्यवसाने समनुप्राप्ते सति ......

(શ્રીમદ્ વિજયધ્વજકૃત તીર્થ, ભાગવત ૧.૪.૧૪)

શ્રીજીવગોસ્વામી ક્રમસન્દર્ભમાં લખે છે કે,

युगस्य तस्य द्वापराख्यस्य तृतीये पर्यये युगत्रयमन्यदतिक्रम्यातिक्रम्य वैवस्वतमन्वन्तरादितस्तृतीय आगमने सति ।

(શ્રીજીવગોસ્વામી કૃત ક્રમસન્દર્ભ, ભાગવત ૧.૪.૧૪)

શ્રીમદ્ વિશ્વનાથચક્રવર્તી સારાર્થદર્શિનીમાં લખે છે :

द्वापर इति । युगानां सत्यादीनां बहूनां पर्ययोऽतिक्रमो यत्र तस्मिन् ‘पर्ययोऽतिक्रमस्तस्मिन्नतिपात उपात्यय’ इत्यमरः । बहुयुगादिक्रमे यद् द्वापरं तस्मिन् । तच्च कृष्णावतारसम्बन्ध्येव ज्ञेयम् । तदवतारश्च वैवस्वतमन्वतरीयाष्टाविंशतितमे संध्यांशरूपे ।

(શ્રીમદ્ વિશ્વનાથચક્રવર્તી કૃત ‘સારાર્થદર્શિની’, ભાગવત ૧.૪.૧૪)

શ્રીશુકદેવજીના ‘સિદ્ધાન્તપ્રદીપ’માં જણાવ્યું છે કે,

द्वापर इति । द्वापरे ‘अष्टाविंशे भवित्री त्वं द्वापरे मत्स्ययोनिषु’ इति हरिवंशे सत्यवतीजन्मस्मरणात् तत्रैव अष्टावतारानुक्त्वा नवमोद्वापरे विष्णुरष्टाविंशे पुराभवत् । वेदव्यासस्तथा जज्ञे जातुकर्ण्य पुरस्कृत’ इति श्रीवेदव्यासजन्मस्मरणात् च समनुप्राप्ते सम्यगनुपश्चाद् गते सति तृतीये युगपर्यये युगस्य द्वापरस्य त्रेतानन्तरः दिव्यसंवत्सरशतद्वायत्मकः प्रथमः पर्ययः । दिव्यसंवत्सरात्मको द्वितीयः पर्ययः । दिव्यसंवत्सरशतद्वयात्मकः चरमभागः तृतीयः पर्ययः । संध्यांशलक्षणः सन्निहितः कालस्तस्मिन् ‘पुनस्तिष्ये च सम्प्राप्ते कुरवो नाम भारताः । भविष्यन्ति महात्मानो राजानः प्रथिता भुवि ॥ तेषान्त्वतः प्रसूतानां कुलभेदो भविष्यति । परस्पर–विनाशार्थं त्वामृते द्विजसत्तम ॥ तत्राप्यनेकधा वेदान् भेत्स्यसे तपसान्तिवः । कृष्णे युगे च सम्प्राप्ते कृष्णवर्णो भविष्यसी’ ति मोक्षधर्मोक्तेः । (શ્રીશુકદેવકૃત સિદ્ધાન્તપ્રદીપ, ભા.૧.૪.૧૪)

આ પ્રમાણે અલગ અલગ ટીકાકારોના વિભિન્ન મતો જોયા. તેમાં પ્રાયઃ ઘણાખરા વૈવસ્વત મન્વન્તરમાં ભગવાન શ્રીકૃષ્ણનો અવતાર અને વ્યાસજીનો અવતાર થયો એમ માને છે. પણ આ બધાથી અલગ રીતે શ્રીઆચાર્યચરણે વિલક્ષણતાથી પોતાનો મત પ્રગટ કર્યો છે. ભાગવત ૧.૪.૧૪ની શ્રીસુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે,

ब्रह्मकल्पस्य प्रथममन्वन्तरस्य तृतीयतुगपर्यावृत्तौ व्यासस्य जन्म । प्रथमो युगपर्यायो ज्ञानस्य संसाधनस्य कालः । द्वितीयः कर्मणः । तृतीयस्तु भक्तेः । तथापि धर्माणां बाधकत्वात् कृते त्रेतायां च न जन्म, किन्तु धर्मस्य द्विपरतायां सन्देहे सर्वेषामेव सन्देहः संशब्दार्थः । (સુબોધિની ૧.૪.૧૪)

અર્થાત્ શ્રીઆચાર્યચરણ કહે છે કે બ્રહ્મકલ્પના પ્રથમ મન્વન્તરની ત્રીજી યુગપર્યાવૃત્તિમાં (યુગપર્યાવૃત્તિ-સત્યથી કલિ સુધીના ચારયુગોનું ક્રમશઃ આવર્તન) એટલે કે ત્રીજી વખત યુગ ફર્યા ત્યારે વ્યાસજીનો જન્મ છે. યુગની પ્રથમ પર્યાવૃત્તિ એ સાધનસહિત જ્ઞાનનો કાળ છે. બીજી વખતની પર્યાવૃત્તિ એ કર્મનો કાળ છે. અને ત્રીજી વખતની પર્યાવૃત્તિ એ ભક્તિનો કાળ છે. તેમ છતાં પણ સત્યયુગમાં અને ત્રેતાયુગમાં ધર્મોનું બાધકપણું હોવાથી તે બે યુગમાં વ્યાસજીનો જન્મ નથી, પણ ધર્મની દ્વિપરતામાં બધાને સન્દેહ થયો એમ મૂળ ભાગવત વાક્યમાં **‘सम्’** ઉપસર્ગથી શબ્દાર્થ ગ્રહણ થાય છે.

શ્રીસુબોધિનીજીના આ પ્રકરણને વધુ વિસ્તારથી સમજાવતાં ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજ શ્રીસુબોધિની પ્રથમ સ્કન્ધ પ્રકાશમાં જણાવે છે કે,

ब्रह्मकल्पस्येत्यादि । अत्रायमाशयः – मूले ‘तृतीये युगपर्यय’ इति कथनादष्टाविंशतिपर्यायद्वापरस्य निवृत्तौ तत्रोत्पन्नायाः सत्यवत्या एतन्मन्वन्तरीयतृतीयपर्यायद्वापरेऽभावात् तस्यापि निवृत्तौ तस्याः सोमवंशीयत्वेन तद्रहितमन्वन्तराणामपि निवृत्तावेतत्कल्पस्यैव निवृत्तेर्भूतस्य कल्पान्तरस्यावश्यं मृग्यत्वात् तस्मिन् विचार्यमाणे रजोगुणस्यैव प्रथमं क्षोभात् ‘प्रथमः कल्पो राजस’ इति ब्रह्मकल्पस्य राजसत्वे ‘चाक्षुषो दधिसम्प्लव’ इत्यत्रोक्तन्यायेन तत्र राजसमन्वन्तरप्राथम्ये प्राप्ते, तत्र सूर्याद्यपेक्षासत्त्वात् ‘मृतेऽण्ड एष एतस्मिन् यदभूत्ततो मार्तण्ड’ इति निरुक्त्या जगतोऽग्नीषोमात्मकत्वेन च सोमस्यापि तदा सत्त्वेन तद्वंशे जाते तृतीयपर्यायद्वापर एव सत्यवत्या उत्पत्तौ वक्ष्यमाणयुक्त्या पराशरस्यापि तदानीं सत्त्वात् तृतीयपर्यावृत्तौ व्यासजन्मेत्यर्थः । तृतीय इत्यादिकथनस्य प्रजोयनमाहुः प्रथममित्यादि । तथा च भक्तिप्रचारार्थत्वात्तृतीये पर्याये जन्मेति भावः । माध्वास्तु ‘अधीतवान् द्वापरादा’ वित्यस्य व्याख्याने ‘व्यासः षट्शतवर्षीयो धृतराष्ट्रमजीजन’ दिति वाक्यादस्मिन् कल्पे व्यासजन्माहुः । द्वापरस्य तात्पर्यमाहुस्तथापीत्यादि । धर्माणां बाधकत्वादिति । कृतत्रेतयोर्धर्म सन्देहाभावेनासन्दिग्धतया क्रियमाणानां तेषां भक्तिबोधकत्वात् । द्विपरतायां सन्देह इति । ‘द्वापरौ युगसंशया’ विति कोशात् द्वापरशब्द उभयार्थः, प्रकृते शक्तिनियंत्रणाभावादेकयोक्त्या पुष्पवच्छब्दवदुभयं वक्ति । द्विपरता तूक्ता मात्स्ये ‘द्वैधमुत्पद्यते चैव युगे तस्मिन् श्रुतौ स्मृता’वित्यादिना । एवञ्च द्वापरान्ते व्यासावतार आयाति ।

(श्रीसुबो.प्रकाश १.४.१४)

અર્થાત્ ‘બ્રહ્મકલ્પ’ના એમ કહ્યું છે ત્યાં આ પ્રમાણેનો આશય છે. મૂલમાં (ભાગવત) **‘तृतीये युगपर्यये’** એમ કહેલું હોવાથી આ મન્વન્તરના અઠ્ઠાવીસમા પર્યાયદ્વાપરના અન્તમાં ઉત્પન્ન થયેલ સત્યવતીનો આ મન્વન્તરના ત્રીજા પર્યાય દ્વાપરમાં અભાવ હોવાથી આ મન્વન્તરમાં વ્યાસજન્મ નથી એવો નિશ્ચય થાય છે. તેમજ તે સત્યવતીનું સોમવંશીયપણું હોવાથી જે મન્વન્તરોમાં સોમ વંશજ ન હોય તે તે મન્વન્તરોમાં પણ વ્યાસનો જન્મ નથી જ એ નિશ્ચય થાય છે. તો પછી આ બધી હકીકતો કલ્પાન્તરની હોવી જોઈએ. તે કયો કલ્પ તેનો વિચાર કરતાં, રજોગુણનો જ પ્રશ્રમ ક્ષોભ થવાથી પ્રથમ કલ્પ રાજસ થયો છે. એ પ્રકારે બ્રહ્મકલ્પનું રાજસપણું છે. તેમજ મત્સ્યાવતારમાં ચાક્ષુષ મન્વન્તર થયો ત્યારે પ્રલય થયો, એમ સિદ્ધ થવાથી તેમાં રાજસ મન્વન્તર પહેલો પ્રાપ્ત થયો. તેમાં સૂર્ય, ચંદ્ર વગેરે હોવા જોઈએ. તેથી જ ભાગવતમાં પંચમ સ્કંધમાં માર્તણ્ડ શબ્દનો અર્થ ‘અંડ મૃત થયું તેમાં ઉત્પન્ન થયેલો તે માર્તણ્ડ’ એવો કરવાનો છે. જગતને અગ્નિ અને સોમાત્મકપણું હોવાથી તે વખતે સોમ પણ છે.

માટે તેનો વંશ પણ તેમાં થયો. ત્યારે ત્રીજી વખત દ્વાપર આવ્યો તેમાં સત્યવતીની ઉત્પત્તિ સિદ્ધ થાય છે, તેમજ પરાશર પણ તે વખતે હતા તેથી ત્રીજી વખતના દ્વાપરમાં વ્યાસજીનો જન્મ સિદ્ધ થાય છે.

ભાગવતના પ્રથમ સ્કંધમાં જેમની કથા આપેલી છે તે જ પારાશર અથવા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ દ્વારા વેદાન્તસૂત્રની રચના થયેલી છે. તેમજ શ્રીઆચાર્યચરણની અને આ સમ્પ્રદાયની પરમ્પરાની માન્યતા છે. શ્રીઆચાર્યચરણે અણુભાષ્યના કેટલાક સ્થાનોમાં વ્યાસચરણ માટે જે પ્રકારથી ઉલ્લેખ કર્યો છે તે અમે અહીં આપીએ છીએ.

१. तथा च निर्णये येनकेनचिद्वक्तव्ये हरिः स्वयं व्यासो विचारं चिकीर्षुस्तत्कर्तव्यतां बोधयति । ब्रह्मजिज्ञासा कर्तव्येति व्यासोक्तत्वादपि कर्तव्या । (અ.ભા.૧.૧.૧)

२. ब्रह्मविचार एवारम्भणीयो, न धर्मविचारः । सर्वं वेदव्यासकर्त्रा वेदव्यासेनाकृतत्वात् तुच्छफलत्वाच्च ।

(અ.ભા.૧.૧.૧)

३. तथा हि । जैमिनिधर्मजिज्ञासामेव प्रतिज्ञाय तत्प्रतिपादकस्य पूर्वकाण्डस्य समन्वयमाह । अवान्तरवाक्यानां प्रकारशेषत्वात् । न च सर्वस्मिन् वेदे धर्म एव जिज्ञास्यः । तद् गुरुणैव व्यासेन ब्रह्मजिज्ञासायाः प्रतिज्ञातत्वात् ।

(અ.ભા.૧.૧.૩)

४. इदं च शास्त्रं मोक्षरूपपुरुषार्थ साधकम् ।

(અ.ભા.૧.૧.૩)

ઉપર જણાવેલા વાક્યોમાં પ્રથમમાં ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસ દ્વારા જ બ્રહ્મજીજ્ઞાસાથી આરંભ થતા બ્રહ્મસૂત્રની રચનાનો ઉલ્લેખ

શ્રીઆચાર્યચરણ ભાષ્યમાં કરે છે. ભાષ્યની આજ પંક્તિઓ પર પ્રકાશમાં શ્રીપુરુષોત્તમજી મહારાજ લખે છે :-

उक्तरीत्या वेदार्थनिर्णयस्यावश्यकत्वाद् तन्निर्णये येनकेनचिद्वक्तव्ये यदा कालवशात् तपआदीनामसंभवं व्यङ्गतया तेषामसाधकत्वं च दृष्टवांस्तदा जगद्दुःखदूरीकरणार्थं हरिः स्वयं व्यासरूपेणावतीर्य वेदाव्यासकार्यं कृत्वा सर्ववेदार्थनिर्णयार्थं ब्रह्मविचारं चिकीर्षुस्तत्कर्तव्यतां बोधयति ब्रह्मजिज्ञासा कर्तव्येति ।

અર્થાત્-તે કહ્યા પ્રમાણે વેદાર્થ નિર્ણયનું આવશ્યકપણું હોવાથી તેમજ કાલવશ તપ વગેરેનું અસંભવપણું, વ્યંગતા વડે તે બધાનું અસાધકપણું ભગવાને જ્યારે જોયું ત્યારે જગતના દુઃખને દૂર કરવા માટે સ્વયં ભગવાને વ્યાસરૂપે અવતરીને વેદનો વિભાગ વગેરે કાર્ય કરીને સર્વ વેદાર્થ નિર્ણયને માટે બ્રહ્મવિચારની ઈચ્છા રાખીને, તેની કર્તવ્યતાનો બોધ આપતાં કહે છે કે બ્રહ્મજિજ્ઞાસા કરવી.

તેવી જ રીતે બીજા વાક્યોમાં પણ આ બ્રહ્મસૂત્રની રચના વેદનો વ્યાસ કરનાર વ્યાસજી દ્વારા જ થઈ છે તેમ જણાવે છે.

ત્રીજા વાક્યમાં સૂત્રકર્તા વ્યાસજી, એ પૂર્વમીમાંસાના કર્તા જૈમિનિઋષિના ગુરુ છે એ સ્પષ્ટ કર્યું છે. જૈમિનિનો ઉલ્લેખ માર્કંડેય પુરાણમાં પણ વ્યાસના શિષ્ય તરીકે કરવામાં આવ્યો છે.

व्यासशिष्यो महातेजाः जैमिनिः पर्यपृच्छतः ।
यस्याग्रे भारताख्यानं व्यासेनोक्तं महात्मना ॥

એ જ પ્રમાણે જૈમિનિનો વ્યાસ શિષ્ય તરીકે ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતના બારમા સ્કન્ધમાં પણ કરવામાં આવેલો છે :

पराशरात् सत्यवत्यामंशांशकलया विभुः ।
अवतीर्णो महाभाग वेदं चक्रे चतुर्विधम् ॥
साम्नां जैमिनये प्राह तथा छन्दोगसंहिताम् ।
अथर्वाङ्गिरसीं नाम स्वशिष्याय सुमन्तवे ॥

(ભાગવત ૧૨.૬.૪૯,૫૩)

ચોથા વાક્યમાં આ શાસ્ત્રને મોક્ષરૂપ પુરુષાર્થ સાધક તરીકે જણાવેલું છે. તે પણ જ્ઞાનાવતાર વ્યાસ સાથે જ સુસંગત થાય છે.

આ પ્રકારે શ્રીઆચાર્યચરણ વેદનો વિભાગ, મહાભારત, પુરાણો અને ભાગવતની રચના તથા બ્રહ્મસૂત્રનું નિર્માણ, એક જ વ્યાસ દ્વારા સ્વીકારે છે.

ખરેખર તો જે લોકો અલગ અલગ વ્યાસોની કલ્પના કરે છે અને બ્રહ્મસૂત્રનો કાલ નિર્ણય ૨૨૦૦ વર્ષ પૂર્વે કરે છે, તે લોકો આજના પશ્ચિમીઓના અતિભૌતિકવાદમાં તણાઈને અને ભારતીઓની આધ્યાત્મિક શક્તિઓથી અપરિચિત રહીને જ કરતા હોય છે. અને તેથી જ તે લોકોની બુદ્ધિ લૌકિક-અલૌકિકનો ભેદ સમજી શકતી નથી, જ્યારે આપણા ધર્મશાસ્ત્રો અને પુરાણો અથવા તો વેદ અલૌકિક હોઈ, લૌકિકતાથી તેમનું વિવેચન શક્ય જ નથી. જેમ કે,

૧. व्यासः षट्शतवर्षीयो धृतराष्ट्रमजिजनत् ।

२. तमद्भूतं बालकमम्बुजेक्षणं चतुर्भुजं शङ्खगदाद्युदायुधम् ।

३. पित्रोः सम्पश्यतो सद्यो बभूव प्राकृतः शिशुः ।

४. सत्रं स्वर्गाय लोकाय सहस्रसममासत ।

આ બધા વાક્યોમાં દર્શાવાયેલી અલૌકિક વાતો સામાન્ય રીતે

લોકમાં સંભવિત નથી. તે જ પ્રમાણે રામાયણમાં ૩૬ હજાર વર્ષ શ્રીરામનું રાજ્ય, મહાભારતમાં એવી વ્યક્તિની કથા કે જે અમૂક સમય પુરુષ અને અમૂક સમય સ્ત્રીરૂપે જીવન જીવતો હોય, ભીષ્મનું ઐચ્છિક મૃત્યુ, ભગીરથ દ્વારા સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ, પુરાણોમાં બતાવાયેલી ઘણા કલ્પોની કથાઓ જેમાં ઘણા બધા પ્રલયો પહેલાંની અને પ્રલયો પછીની કથાઓનો સમાવેશ થાય છે, વાલ્મીકિ દ્વારા રામજન્મના પૂર્વે રામાયણનું નિર્માણ, શુકદેવજીનું વર્ષો સુધી માતાના ઉદરમાં ગર્ભાવસ્થામાં રહેવું અને ૧૬ વર્ષની વયના દેહથી જન્મ થવો વગેરે, આ બધી વાતો પણ લૌકિક પ્રકારે કહેવાયેલી નથી. તેથી 'લોકમાં આ સંભવિત નથી'. તેમ વિચારી તેનું વિવેચન શક્ય નથી. આધુનિક વિચારકોના વૈચારિક પરિશીલનનો આધાર આજનું વિજ્ઞાન અથવા તો વૈજ્ઞાનિક સંશોધનો અને તેની ઉપલબ્ધિ છે. જ્યારે અત્યારની પૃથ્વીના જન્મથી આધુનિક વૈજ્ઞાનિક વિચારસરણીનો આરંભ થાય છે. પૃથ્વીના જન્મ પહેલા માત્ર વિશાલકાય સૂર્યમાંથી એક ધગધગતા ગોળારૂપે પૃથ્વી વગેરે સર્વ ઉત્પન્ન થયા છે એમ વિજ્ઞાન કહે છે. પણ સૂર્ય કેવી રીતે? તેમજ તેના પૂર્વે શું ? વગેરે અનેક વાતો હજુ સુધી વિચારાયેલી નથી. જ્યારે આપણા ધર્મશાસ્ત્રો અનેક કલ્પોની વાત કરી, અનેક વખત અનેક પૃથ્વીઓ અને અનેક પ્રકારની સૃષ્ટિઓની કથા કહે છે. અને તે અનેક કલ્પ-વિકલ્પનું ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન, લોક-પરલોકનું જ્ઞાન વગેરે અલૌકિક રહસ્ય ઋષિમુનિઓ પોતાની ઉત્કૃષ્ટ આધ્યાત્મિક શક્તિ દ્વારા અને પરમાત્માના પરમ અનુગ્રહથી પામી શક્યા છે. તેથી વિશ્વમાં જીવન જીવી ચૂકેલા અને જીવી રહેલા માનવોમાં તે પ્રકારની શક્તિ જોવા નથી મળતી, કે જે ભગવાન વ્યાસમાં જોવા મળે છે. આવું અગાધ સર્વક્ષેત્રીયજ્ઞાન અને તેના આધારે અનેક ધર્મશાસ્ત્રોની રચના એ એક માનવ દ્વારા શક્ય નથી, તેથી તે લોકો અનેક વ્યાસની કલ્પના કરે છે. તેમજ આજના સમયમાં માનવ જીવન શતાધિક જોવા મળતું નથી. ત્યાં સદીઓના જીવનને લૌકિક ભાવે તે લોકો કેવી રીતે સમજી શકે ? તેથી શ્રીવ્યાસજી પણ ભગવાનનો જ્ઞાનકલાનો થયેલો અવતાર છે. તેમાં આપણા જેવા મનુષ્યોની માફક કલ્પના કરી વિષયોને વિચારવાથી કશું પણ સમજી શકાશે નહીં. જેમ કોઈ

વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સત્યોથી કે વિજ્ઞાન દ્વારા થયેલી ઉપલબ્ધિઓથી સર્વથા અપરિચિત એવી અતિગ્રામીણ વ્યક્તિ પાસે કોઈ અણુબોંબની, રોકેટની, ટી.વી.ની કે એવી ઈતર આશ્ચર્યજનક વસ્તુઓની વાતો કરશે તો તે સાચી નહિં જ માને, અને ક્યારેક પ્રત્યક્ષ જોઈ લેશે તો તેને જાદુ માનશે, અથવા તો મંત્ર-તંત્રનો પ્રભાવ માનશે કારણ કે તેને માત્ર મંત્ર-તંત્રમાં જ અંધશ્રધ્ધા છે. તેવી જ રીતે અશ્રધ્ધાથી પીડાવવું તે પણ અયોગ્ય જ છે. અંધશ્રધ્ધા અને અશ્રધ્ધા આ બન્ને એક જ લાકડીના બે નાકા છે. જ્યારે ખરેખર શ્રધ્ધા જ જીવનનો યોગ્ય માર્ગ છે. કારણ કે શ્રધ્ધા શબ્દ ‘श्रत्’ થી બન્યો છે, જે સત્ય સૂચક છે. તેથી સત્યને ધારણ કરવું. તીવ્ર અને વિશાલ બુધ્ધિના ઊંડાણથી અને ઈશ્વરે માનવ શરીરમાં અને આત્મામાં મૂકેલી અનન્ત વિકસિત શક્તિઓ દ્વારા સત્યનું સંશોધન કરતાં જે ઉપલબ્ધ થાય, તેવી ઉપલબ્ધિઓ સિધ્ધાંત પ્રકારે ધર્મશાસ્ત્રોમાં બતાવાયેલી છે, તેથી તે વાતો અંધશ્રધ્ધા અને અશ્રધ્ધા બન્નેથી અગમ્ય છે. જેમ ગ્રામીણ અંધશ્રધ્ધાથી પીડિત છે તેવી જ રીતે આજના કેટલાક વિચારકો અશ્રધ્ધાથી પીડિત છે. તેથી જ બંનેની આપણા શાસ્ત્રોમાં ગતિ જોવા મળતી નથી. અશ્રધ્ધા પણ એક જાતનો રોગ છે.

તેથી ઉપર જણાવેલા શ્રધ્ધા પ્રકારથી શ્રીવ્યાસજીનું કાર્ય અને તેમના જન્મનો કાળ વિચારવામાં આવશે તો આધુનિક વિચારકોએ જે વિચારેલું છે તેના કરતાં કંઈક જુદું જ જાણવા મળશે તેવું મને લાગે છે.

આમ વ્યાસસૂત્રો (ઉત્તરમીમાંસા)ને પ્રમાણે તરીકે ગણાવી આનુષઙ્ગિક રીતે જૈમિનીસૂત્રો (પૂર્વમીમાંસા) નો **‘चैव हि’** થી ઉલ્લેખ ધ્વનિત થાય છે.

‘જૈમિનિસૂત્રો’ એટલે **‘अथातो धर्मजिज्ञासा’** સૂત્રથી આરંભી પૂર્વકાંડ સંબંધી પ્રતિપાદન કરનારું શાસ્ત્ર. આને ‘પૂર્વમીમાંસા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણા સમ્પ્રદાયમાં એવી માન્યતા છે કે શ્રીઆચાર્યચરણે જેમ ઉત્તરમીમાંસા-વ્યાસસૂત્ર ઉપર અણુભાષ્ય લખ્યું છે તેમ શ્રીઆચાર્યચરણ દ્વારા આ જૈમિનીસૂત્રો ઉપર પણ ‘પૂર્વમીમાંસાભાષ્ય’ લખવામાં આવ્યું હતું, જે આજે અપ્રાપ્ય છે. પણ એવી કિંવદન્તિ છે કે આ ભાષ્ય જર્મનીમાં હાલ બિરાજે છે અને તે કોઈ પણ કારણસર ભારતથી ત્યાં પહોંચી ગયું છે. જો કે આજે આ વિષય પર શ્રીઆચાર્યચરણ દ્વારા લખાયેલ ‘પૂર્વમીમાંસાકારિકા’ નો કેટલોક ભાગ પ્રાપ્ત છે, જે પ્રકાશિત પણ થઈ ચૂક્યો છે. આ કારિકાઓ પણ તે ભાષ્યની અન્તર્ગત હોય એમ માનવું છે.

શ્રીઆચાર્યચરણ જૈમિનિમતને વ્યાસચરણના મતથી અવિરુધ્ધ પ્રકારે સ્વીકારે છે. તેથી જેટલો ભાગ વ્યાસમતસંમત ન હોય તેને બાદ કરીને જ બાકીને પ્રમાણ તરીકે સ્વીકારે છે. આમ શ્રીઆચાર્યચરણ પ્રમાણગ્રન્થોમાં વ્યાસસૂત્રો અને જૈમિનીસૂત્રોનો ઉલ્લેખ કરે છે.

।। समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ।।

વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર - આ ત્રણ પ્રમાણો ઉપરાંત ‘વ્યાસની સમાધિભાષા શ્રીમદ્ ભાગવત’ને પણ પ્રમાણ તરીકે ગણાવી શ્રીઆચાર્યચરણે અન્ય આચાર્યોની ‘પ્રસ્થાનત્રયી’ ને બદલે પ્રસ્થાન-ચતુષ્ટયી (કે પ્રમાણ ચતુષ્ટય)નો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં સ્વીકાર કરી એક નવી પ્રણાલિકા સ્થાપી છે.

શ્રીમદ્ ભાગવતનું વેદતુલ્યત્વ ભાગવત પ્રથમ સ્કન્ધના પહેલા અધ્યાયના પહેલા શ્લોકની **‘जन्माद्यस्य यतोऽन्वयादि ...... ।’** ની સુબોધિનીજીમાં સવિસ્તર પ્રતિપાદન કરવામાં આવેલું છે. જેમ વેદનું બીજ ગાયત્રી છે તેવી જ રીતે શ્રીભાગવત શાસ્ત્રનું બીજ પણ ગાયત્રી છે. તેથી જ મત્સ્યપુરાણમાં ભાગવતનું લક્ષણ આપતાં કહ્યું છે :

यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्मविस्तरः ।
वृत्रासुरवधोपेतं तद् भागवतमुच्यते ॥

તેમજ શ્રીભાગવતના ૧.૧.૩માં જણાવવામાં આવ્યું છે કે ભાગવત એ વેદકલ્પતરૂનું પરિપક્વ ફલ છે. આ રીતે ગાયત્રીને બીજ, વેદને વૃક્ષ, અને શ્રીભાગવતને તેના ફલ રૂપે કહેવામાં આવ્યું હોઈ શ્રીમદ્ ભાગવતનું વેદતુલ્યત્વ અને ફલરૂપ હોવાથી તેનું મહત્ત્વ ઓર પણ વધી જાય છે. જો કે શ્રીભાગવતમાં જ **‘इतिहासपुराणाभ्यां पञ्चमो वेद उच्यते ।’** એ વાક્યથી મહાભારત અને બીજી ૧૭ પુરાણોનું પણ વેદ-તુલ્યત્વ સિદ્ધ થાય છે. તેમજ **‘इतिहासपुराणं वेदानां पञ्चमं वेदम् .... ।’** (છાન્દો.ઉપનિષદ્, સનત્કુમાર-નારદ-સંવાદ), બ્રહ્માણ્ડ પુરાણના પ્રથમાધ્યાયમાં **‘इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् । बिभेत्यल्पश्रुताद् वेदो मामयं प्रहरिष्यति ॥’** વિષ્ણુપુરાણમાં **‘वेदाः प्रतिष्ठिताः सर्वे पुराणे नात्र संशयः’** તથા કુર્મપુરાણના ૧૫ મા

અધ્યાયમાં

नान्यथा ज्ञायते धर्मो ब्रह्मविद्या च वैदिका ।
तस्मात्सर्वपुराणं च श्रद्धातव्यं मनीषिभिः ॥

વગેરે વગેરે આ બધા ઢગલાબંધ વાક્યોથી પુરાણોનું પણ વેદતુલ્યત્વ પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ **‘श्रीमद्भागवतं पुराणतिलकं यद्वैष्णवानां धनम् ।’** વાક્યમાં શ્રીભાગવતને વૈષ્ણવોના પરમધન રૂપ અને પુરાણતિલકરૂપ જે કહેવામાં આવ્યું છે તેના કારણો તપાસી જવા જરૂરી છે, જેથી આપોઆપ શ્રીભાગવતનું વૈશિષ્ટ્ય સમજાઈ જશે.

જો કે બધાં પુરાણો વ્યાસજી દ્વારા શ્લોકસંગ્રહ રૂપે રચવામાં આવેલા છે. તેમ છતાં અન્ય પુરાણોથી અલગ રીતે શ્રીભાગવતની રચના સમાધિમાં અનુભવ દ્વારા થયેલી છે.

બીજા પુરાણો તથા મહાભારતની રચના કર્યા બાદ પણ જ્યારે શ્રીવ્યાસજીના મનમાં શાંતિ ન થઈ અને કંઈક મુખ્ય વસ્તુનું લેખન અપૂર્ણ રહી ગયું છે એમ પ્રતીત થવાથી શ્રીવ્યાસજીએ નારદજી દ્વારા કહેવાયેલ વાતોને ભગવદાજ્ઞા સમજીને ભગવલ્લીલાવગાહન કરાવનાર શ્રીભાગવતની રચના કરી. અને તેથી તેમણે મનમાં અપાર આનંદ અનુભવ્યો. આમ જ્ઞાનાવતાર વ્યાસજીને પણ આનંદ અને શાન્તિ આપનાર આ ભાગવત શાસ્ત્ર છે.

વ્યાસજીને ભાગવતના પાંચમા અધ્યાયમાં નારદજી સ્પષ્ટ જણાવે છે કે, ‘હે વ્યાસજી, તમે હજુ સુધી ભગવાનનો નિર્મળ યશ બરાબર કહ્યો નથી. તેમજ તમે જેમ ધર્માદિક અર્થનું પ્રતિપાદન કર્યું છે તેમ તમે વાસુદેવ ભગવાનના મહિમાનું વર્ણન કરેલું નથી, અને જગતને પવિત્ર કરનાર એવો ભગવાનનો યશ જેમાં ઉચ્ચારાયેલો ન હોય તેવા વચનો કાગડાના તીર્થ જેવા છે. અને જેમાં ભગવાનનો યશ બરાબર પ્રતિપાદન થયેલો હોય તેવાં વચનો કદાચ શ્લોકબદ્ધ કે છન્દોબદ્ધ ન હોય તો પણ તે સત્પુરુષો દ્વારા સદૈવ

શ્રવણીય છે. નિષ્કર્મ નિરંજન જ્ઞાન પણ જો ભક્તિરહિત હોય તો તે શોભતું નથી. તો પછી ભગવત્સંબધ વિનાનું અથવા તો ભગવાનને અર્પણ નહીં થયેલું એવું કર્મ ભક્તિરહિત હોય તો તે શોભે જ કેવી રીતે ? માટે હે વ્યાસજી, તમે સમાધિમાં જે ભગવલ્લીલાનો અનુભવ કરો, તેને શાસ્ત્ર રૂપે પ્રકટ કરો કે જે દરેકને માટે મોક્ષદ બની જાય. આમ આ નારદજીના વાક્યોથી પૂર્ણ રૂપેણ પરબ્રહ્મ પરમાત્મા જેમાં ગવાયેલા છે, અને જેમાં માત્ર પ્રભુની લીલાનું જ પ્રતિપાદન છે, એ માત્ર શ્રીભાગવત જ છે.

બીજા બધાં પુરાણોમાં જ્ઞાનપ્રકારે સર્ગ વગેરે બતાવવામાં આવેલું છે, જ્યારે ભાગવતમાં

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥

(ભાગવત ૨.૧૦.૧)

એ શ્લોક પ્રમાણે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, આશ્રય - આમ દશ પ્રકારની લીલાના વર્ણનનો સમાવેશ થાય છે. તેથી ભાગવતમાં આવતી કથાઓમાં સૃષ્ટિનું સર્જન, ભૂગોળ, ખગોળ, નરક વગેરેનું વર્ણન, ૧૪ મન્વન્તરની કથા, સૂર્ય-ચંદ્ર વંશની કથાઓ વગેરે (જે એક રીતે એમ દેખાય કે તેને ભગવલ્લીલા સાથે શો સંબંધ ? પણ તે બધી કથાઓ પોતપોતાના વિષય પરત્વે નહીં પણ ભગવલ્લીલામાં આવી જતી હોવાથી) અને આદિથી અંત સુધીમાં જે કાંઈ થયું છે, થાય છે અને થશે તે સર્વ પ્રભુની લીલા માત્ર છે, એ સિદ્ધાન્ત પ્રકારે કહેવાયેલ છે. તેથી **'द्वादशांगो वै पुरुषः'** એ પ્રકારે આ ભાગવત પ્રભુનું અધિકાર લીલા (પ્રથમ સ્કન્ધ) અને સાધનલીલા (દ્વિતીયસ્કન્ધ) સહિત દશવિધ લીલાત્મક, દ્વાદશાત્મક વાઙ્મય સ્વરૂપ જ છે. અને તેથી જ શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણયનિબંધમાં આજ્ઞા કરે છે :

वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।

(સર્વનિર્ણય પ્રકરણ-૨૫૪)

ભગવત્ પ્રીતિ સિવાયના તમામ હેતુઓથી રહિત રહીને ભાગવતનું શ્રવણ-પાઠનાદિ કરવું. ક્યારેય કોઈ પણ હેતુપુરઃસર કરવું નહિ. 'કંઠ પ્રાણ' અવસ્થામાં એટલે કે ગમે તેવી વિપત્તિમાં પણ શ્રીમદ્ ભાગવતનો ઉપયોગ વૃત્તિને અર્થે કરવો નહિં. કારણ કે ભાગવત ભગવાનનું વાઙ્મય સ્વરૂપ જ છે તેમજ ભગવદ્ યશોગાન ક્ષુદ્ર હેતુઓ માટે અયોગ્ય જ છે. શ્રીહરિરાય મહાપ્રભુએ ભગવદ્સેવાના વિષયમાં કહ્યું છે કે,

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः ।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ॥

અહીં અન્ય હેતુઓના સર્વથા વર્જનપૂર્વક માત્ર સ્વધર્મતઃ જ ભગવત્સ્વરૂપનું સેવન બતાવ્યું છે. શ્રીમદ્ ભાગવતનું સેવન પણ તે જ રીતે કરવા શ્રીઆચાર્ય સમ્મત છે. ભાગવત એ પુરુષોત્તમનું સ્વરૂપ છે, અને પુરુષોત્તમ સર્વતંત્ર સ્વતંત્ર છે અને તેના દ્વારા **'रसं हि एव अयं लब्ध्वाऽऽनन्दी भवति'** એ પ્રકારે રસપ્રાપ્તિ અથવા પરમાનંદ પ્રાપ્તિ એ જ માત્ર ફલ છે. તેથી જ મોક્ષ વગેરે કાર્યો પ્રભુ પોતાના વાસુદેવ વગેરે વ્યુહ દ્વારા કરતા હોય છે. આમ સહેતુક ભાગવતના સેવનમાં પુરુષોત્તમ-સેવન નહીં પણ વ્યૂહસેવન પ્રાપ્ત થાય છે.

આમ શ્રીઆચાર્યચરણ ભગવત્સ્વરૂપત્વેન જ ભાગવતનો વૃત્ત્યર્થ નિષેધ કરે છે. આ સર્વથી એમ જણાય છે કે ભાગવતની પુરાણોમાં ગણના કરી હોવા છતાં પણ પુરાણો કરતાં તેનું વૈશિષ્ટ્ય છે જ.

અન્ય પુરાણોમાં અલગ અલગ કલ્પોથી અલગ અલગ રીતે સૃષ્ટિ વગેરેનું વર્ણન કરવામાં આવેલું છે. માટે જ જુદા જુદા પુરાણોમાં ક્યારેક શિવથી, ક્યારેક બ્રહ્માથી તો ક્યારેક વિષ્ણુથી સૃષ્ટિ બતાવી છે. આમ સૃષ્ટિક્રમમાં પણ ભિન્ન રીતિ જોવા મળે છે. તદુપરાન્ત અવતારો વગેરેની કથાઓમાં પણ ક્યાંક ક્યાંક અલગપણું જોવા મળે છે. વળી દરેક કલ્પ મુખ્યતયા ત્રણ પ્રકારના છે (૧) સાત્વિક (૨) રાજસ (૩) તામસ. તેમજ

ત્રણેના મિશ્રભેદથી તેની સંખ્યા ત્રણથી વધુ થઈ જાય છે. જ્યારે શ્રીમદ્ ભાગવતમાં જે અનેક કલ્પોની કથાઓ કહેવામાં આવી છે તે બધી મૂલતઃ પુરુષોત્તમની જ સર્વ લીલાઓ છે, તે પ્રકારે પ્રતિપાદન થયેલું છે. તેમજ કૃષ્ણાવતારની કથામાં પણ **‘प्राप्ते सारस्वते कल्पे’** એ વાક્યથી સારસ્વત કલ્પમાં પુરુષોત્તમનો શ્રીકૃષ્ણરૂપે પ્રાદુર્ભાવ થયો તેની કથા કહેવામાં આવી છે. તેમજ આ શ્રીભાગવતના દેવતારૂપે મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણ છે કે જેનું પ્રતિપાદન ‘ગોપાલતાપનીય’ વગેરેમાં **‘तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते’** વગેરે શબ્દોથી કરવામાં આવેલું છે. આ રીતે પણ શ્રીભાગવતનું અન્ય પુરાણો કરતાં વૈશિષ્ટ્ય અથવા શ્રૈષ્ઠ્ય જોવા મળે છે.

કેટલાકને પ્રશ્ન થશે કે ભાગવતના ૧૧મા સ્કંધમાં તેમજ ગીતાના દસમા અધ્યાયમાં વિભૂતિવર્ણનમાં પ્રભુએ બધી વસ્તુઓમાં પોતાની વિભૂતિનું પ્રતિપાદન કરેલું છે. ગીતાના દસમા અધ્યાયમાં **‘वेदानां सामवेदोऽस्मि ।’** ‘વેદોમાં હું સામવેદ છું’ - એ રીતે વેદમાં પણ ભિન્ન રીતે પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. તો પછી જો પુરાણોમાં ભાગવતનું તેવું વૈશિષ્ટ્ય હોય તો તેનો આ બન્ને સ્થઆનોમાં ઉલ્લેખ કેમ નથી ? એ પ્રશ્નના સમાધાનમાં જાણાવવાનું કે ગીતાના ૧૦ મા અધ્યાયમાં અને ભાગવતજીના ૧૧ મા સ્કન્ધમાં તો વિભૂતિ પ્રકારથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જ્યારે શ્રીમદ્ ભાગવત એ ભગવાનની વિભૂતિ નથી પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ જ છે. તેથી તેની વિભૂતિઓમાં ગણના કરવામાં આવેલી નથી.

આમ આવા અનેક કારણોથી શ્રીમદ્ભાગવતને પુરાણતિલક તરીકે આલેખવામાં આવ્યું છે. પુરાણોના જે લક્ષણો શાસ્ત્રમાં નિર્દિષ્ટ છે તે બધાં અન્ય પુરાણો કરતાં શ્રીમદ્ ભાગવતમાં જ સંપૂર્ણપણે ઉપલબ્ધ થાય છે. તેથી પણ આને પુરાણતિલક કહેવામાં આવે છે. જો કે પુરાણપદ્ધતિની આમાં જાળવણી હોવાથી આને પુરાણ, મહાપુરાણ કે પુરાણતિલક તરીકે ઓળખવામાં આવે છે. પણ વસ્તુતઃ તો **‘निगमकल्पतरोर्गलितं फलम्’ ‘पिबत भागवतं रसमालयम्’** વગેરે વાક્યોથી, ગાયત્રી જેનું બીજ છે એવા વેદવૃક્ષનું જ પરિપક્વ ફલરૂપ શ્રીભાગવત છે. અને તે **‘रसो वै सः’** એવા રસરૂપ આનન્દમય સર્વશ્રુતિપ્રતિપાદ્ય ભગવાન શ્રીકૃષ્ણનું જ વાઙ્મય સ્વરૂપ હોવાથી રસાલય પણ છે. અને તેથી જ મૂલતત્ત્વ શ્રીકૃષ્ણની સ્વરૂપાત્મકતા હોવાથી તત્ત્વનિશ્ચયમાં અથવા તો બ્રહ્મવિચારમાં શ્રીમદ્ ભાગવતનું પ્રામાણ્ય છે. માટે જ શ્રીઆચાર્યચરણ ભાગવતને પણ પ્રમાણરૂપે સ્વીકારે છે. અહીં આ સ્થાનમાં ‘વ્યાસની સમાધિભાષા’ એમ કહ્યું છે તેથી એમ સમજાય છે કે માત્ર વ્યાસની જ સમાધિભાષાવાળા શાસ્ત્રને પ્રમાણરૂપે સ્વીકાર્યું છે. તે સિવાયની અન્ય સમાધિભાષાનો મુખ્ય પ્રમાણમાં સ્વીકાર નથી. વાલ્મીકિ રામાયણ પણ વાલ્મીકિની સમાધિભાષા છે. પણ વેદના અર્થોને પ્રકટ કરવામાં પ્રભુએ સ્વયં વ્યાસ-અવતાર લીધો છે અને તે દ્વારા જ સર્વ અર્થો પ્રકટ કર્યા છે. તેથી મુખ્ય પ્રમાણમાં વ્યાસસમ્મતને જ પ્રમાણ તરીકે લેવામાં આવ્યું છે. તેથી અન્ય શાસ્ત્રોમાં આ ચારથી અવિરોધેન જે અંશ છે તેટલા જ અંશો પ્રમાણ તરીકે ગ્રહણ કરવામાં આવે છે. આ ખુલાસાથી નિબન્ધના અંતમાં **‘अर्थोऽयमेव निखिलैरपि वेदवाक्यैः रामायणैःसहितभारतपञ्चरात्रैः’** -

આમાં શ્રીઆચાર્યચરણે જે શાસ્ત્રોનો ઉલ્લેખ કર્યો છે ત્યાં પણ આજ પ્રકાર સમજવાનો છે.

આ પ્રકારે વેદ-શ્રીકૃષ્ણવાક્ય ગીતા-વ્યાસસૂત્ર (બ્રહ્મસૂત્ર) અને વ્યાસની સમાધિભાષા ભાગવતને ચતુષ્ટ્ય પ્રમાણ અથવા તો પ્રસ્થાન ચતુષ્ટ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા.

આ ચારે શાસ્ત્રોનો સમ્બન્ધ શ્રીઆચાર્યચરણના નામ સાથે સર્વોત્તમ સ્તોત્રમાં જ્યાં કરવામાં આવ્યો છે, ત્યાં આ નામ આપ્યાં છે : **१) वेद – ‘वेदपारगः’ २) गीता – ‘पृथक्शरणमार्गोपदेष्टा’ ‘श्रीकृष्णहार्दवित्’ ३) ब्रह्मसूत्र – ‘तत्त्वसूत्रभाष्यप्रवर्तकः’ ४) श्रीमद्भागवत – ‘श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः’ ‘श्रीभागवत**

–पीयूषसमुद्रमथनक्षमः’

હવે આ ચાર શાસ્ત્રોને ‘પ્રસ્થાનચતુષ્ટય’ કહીને આગળ વધુ સ્પષ્ટતા કરતાં શ્રીઆચાર્યચરણ લખે છે કે -

उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् ।
अविरुद्धं तु यत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ।
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथञ्चन ॥

(શાસ્ત્રાર્થપ્રકરણ-૮)

વેદ, ગીતા, સૂત્ર, ભાગવત-આ ચારે અનુક્રમથી, પૂર્વ-પૂર્વ શાસ્ત્રમાં જે સન્દેહ ઉત્પન્ન થાય તેના નિવારક છે. એટલે કે વેદમાં સન્દેહ થાય તો તેનું નિવારાણ ગીતા દ્વારા થાય છે, ગીતામાં જો સન્દેહ થાય તો તેનું નિારણ સૂત્રો દ્વારા, અને સૂત્રોમાં પણ ક્યાંક સિદ્ધાન્ત નિરૂપણમાં સન્દેહ થાય તો તેનું નિવારાણ શ્રીભાગવત દ્વારા થાય છે. જેમ કે શ્રુતિઓમાં **‘अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षु.......** વગેરે વાક્યોમાં શું માત્ર પ્રાકૃત કરચરાણ વગેરેનો બ્રહ્મમાં નિષેધ કરવામાં આવ્યો છે કે પછી સામાન્ય રીતે જ નિષેધ છે કે બ્રહ્મને કર-ચરાણ વગેરે છે જ નહિં. આ પ્રકારે સન્દેહ થતાં તેનું નિવારાણ ગીતા દ્વારા કરવું. જેમ કે ગીતામાં ૧૩ મા અધ્યાયમાં કહ્યું છે કે -

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

(ગીતા. ૧૩.૧૪)

અહીં સર્વતઃ બ્રહ્મમાં કર-ચરાણ-આંખ-શિર-મુખ વગેરે કહેવામાં આવ્યું છે, તેથી શ્રુતિમાં સામાન્ય નિષેધ નથી પાણ માત્ર પ્રાકૃત અંગો તથા ઈન્દ્રિયોનો જ નિષેધ સૂચવ્યો છે, પાણ તેનાથી બ્રહ્મમાં અપ્રાકૃત ઈન્દ્રિયો વગેરેનો નિષેધ પ્રાપ્ત થતો નથી.

તેવી જ રીતે ગીતાના બીજા અધ્યાયમાં **‘नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः’** વાક્યમાં જીવાત્માનું સ્વરૂપ નિત્ય, વ્યાપક અચલ વગેરે પ્રકારે કહ્યું છે, અને પંદરમા અધ્યાયના **‘ममैवांशो जीवलोके जीवभूतः सनातन ......’** વાક્યમાં જીવને પોતાના અંશ તરીકે કહ્યો છે. તો પછી જો જીવ અંશ રૂપ હોય તો પછી તેમાં વ્યાપકત્વ, અચલત્વ વગેરે ધર્મો કેવી રીતે હોઈ શકે ? એવી શંકા થતાં તેનું નિરાકરાણ ‘उत्क्रान्तिगत्यागतीनाम्’ વગેરે ઉત્ક્રાન્તિ આદિ ક્રિયાબોધક સૂત્રો દ્વારા જીવના અંશત્વનો નિર્ણય કરવો. તેવી જ રીતે **‘जन्माद्यस्य यतः’** વગેરે સૂત્રોમાં બતાવેલું કાર્યલક્ષાણ ‘શબલ’નું છે કે પછી ‘કેવલ’નું છે, તેમજ ત્યાં જ કારાણપણું દર્શાવવામાં આવેલું છે તે નિમિત્તપણાથી બતાવવામાં આવ્યું છે કે પછી ઉપાદાનત્વેન બતાવેલું છે, તેવા સન્દેહમાં તેનો નિર્ણય **‘अन्वयव्यतिरेकाभ्यां यत् स्यात् सर्वत्र सर्वदा’** એ ભાગવતના દ્વિતીયસ્કન્ધના વાક્યથી તેમજ **‘समन्वयेन व्यतिरेकतश्च’** એ ભાગવત એકાદશ સ્કન્ધના અઠ્ઠાવીસમા અધ્યાયના વીસમા શ્લોકમાં જાણાવ્યા પ્રમાાણે નિર્ણય કરવો. આમ પ્રસ્થાન ચતુષ્ટયમાં ગણાવેલા સર્વશાસ્ત્રો ઉત્તરોત્તર પૂર્વ-પૂર્વના સન્દેહવારક છે. તેમજ મનુસ્મૃતિ-પુરાણો વગેરેને પાણ આ ચારથી અવિરુદ્ધ રહીને જ સ્વીકારેલા છે. એટલા જ માટે શુક્રનીતિના ઘાણા બધા અંશો તેમજ બાભ્રવ્ય વગેરેના શાસ્ત્રોના આ ચાર પ્રમાણોથી વિરોધ આવતો હોઈ તેને સર્વથા અપ્રમાણિત માનવામાં આવેલા છે. જૈમિનિના શાસ્ત્ર માટે પાણ આમ જ (અવિરોધેન સામ્યત્વ) સમજવાનું છે.

આ પ્રસ્થાન ચતુષ્ટય દ્વારા પ્રતિપાદિત જે આનન્દમય રસાત્મક પરબ્રહ્મ છે તે ભગવાન શ્રીકૃષ્ણમાં શ્રીઆચાર્યચરાણોની કૃપાથી મતિ સ્થિર થાય અને તેમનામાં પ્રીતિ થાય એ જ શ્રીચરાણોમાં પ્રાર્થના.